જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શનિવાર । તા. ૨૩-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૬ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

પુલવામા હુમલા માટે સમગ્ર પાકિસ્તાનને જવાબદાર ગણવું યોગ્ય નથી

એરસ્ટ્રાઈકમાં ૩૦૦ આતંકી મર્યા તો સરકાર તેના પુરાવા આપે: સામ પિત્રોડા

ન્યુ દિલ્હી

ચૂંટણી માહોલમાં નેતાઓના વિવાદાસ્પદ નિવેદન પણ ચર્ચાનો વિષય બની રહે છે. જેમ કે ગઈકાલે સપા નેતા રામગોપાલ યાદવે પુલવામા હુમલાને ભાજપનું ષડયંત્ર ગણાવ્યું હતું. ત્યારબાદ કોંગ્રેસના મોટા નેતા અને ગાંધી પરિવારના નજીક મનાતા સામ પિત્રોડા એ પણ એક મોટું નિવેદન આપી દીધું છે. પિત્રોડા એ કહ્યું કે પુલવામા હુમલા માટે આખા પાકિસ્તાનને દોષિત ગણાવું યોગ્ય નથી. તેમણે એમ પણ કહ્યું કે મુંબઈ હુમલા માટે આખું પાકિસ્તાન જવાબદાર નથી. પિત્રોડા એ એર સ્ટ્રાઈકમાં મૃત્યુ પામેલા લોકોની સંખ્યા અંગે પણ પૂછ્યું છે.

તેમણે કહ્યું કે જો એરફોર્સે ૩૦૦ લોકોને માર્યા તો ઠીક છે. શું તેના તથ્ય અને પુરાવા આપી શકો છો? પિત્રોડાએ કહ્યું કે ભારતના લોકોને જાણવાનો અધિકાર છે કે એરફોર્સ એ પાકિસ્તાનમાં કેટલી તબાહી મચાવી અને તેનાથી શું ફરક પડ્યો.

તેમણે કહ્યું કે મેં ન્યૂયોર્ક ટાઈમ્સમાં રિપોર્ટ વાંચ્યો આથી મને વધુ જાણવાની ઈચ્છા છે. શું ખરેખર હુમલો થયો? શું ખરેખર ૩૦૦ લોકો મર્યા? એક નાગરિક હોવાના નાતે મને જાણવાનો અધિકાર છે અને મારી ડ્યુટી છે કે હું પ્રશ્ન કરું. તેનો મતલબ એ નથી કે હું રાષ્ટ્રવાદી નથી કે હું બીજાનો પક્ષ લઇ રહ્યો છું. જો તમે કહો છો કે ૩૦૦ લોકો મર્યા છે તો વૈશ્વિક મીડિયા એમ કેમ કહી રહી છે કે કોઇ મર્યું નથી. મને એક નાગરિક તરીકે આ ખરાબ લાગે છે.



જો એરફોર્સે ૩૦૦ લોકોને માર્યા તો ઠીક છે શું તેના તથ્ય અને પુરાવા આપી શકો છો? ભારતના લોકોને જાણવાનો અધિકાર છે કે એરફોર્સ એ પાકિસ્તાનમાં કેટલી તબાહી મચાવી અને તેનાથી શું ફરક પડ્યો

પિત્રોડા ૨૦૧૯ ચૂંટણી માટે કોંગ્રેસના મૈનિફેસ્ટો કમિટીના સભ્ય છે. તેમણે કહ્યું કે હું એક ગાંધીવાદી છું. હું વાતચીતમાં વિશ્વાસ કરું છું અને મારું માનવું છે કે તમામે વાત કરવી જોઈએ. માત્ર પાકિસ્તાન કેમ આપણે આખી દુનિયા સાથે વાત કરવી જોઈએ. પિત્રોડા એ કહ્યું કે જો કોઇ આવીને હુમલો કરે છે તો તેના દેશના દરેક નાગરિક દોષિત નથી. તેમણે કહ્યું કે મને પુલવામા એટેકની વધુ ખબર નથી પરંતુ આવું તો હંમેશા થાય છે. મુંબઈમાં હુમવલા થયા તો અમે રિએકટ કરી શકતા હતા અને એરફોર્સને મોકલી શકતા હતા પરંતુ આ દુનિયાની સામે રજૂ કરવાની સારી રીત નથી. જો કોઇ દેશમાંથી ૮ લોકો આવી હુમલો કરે છે તો આખા દેશને દોષિત કહેવો યોગ્ય નથી.

પિત્રોડા એ કહ્યું આપણે વધુ ભાવુક થવાની જરૂર નથી કારણ કે ડેટા નિષ્પક્ષ હોય છે. આથી જો કોઇ આવીને કહે છે કે ૩૦૦ લોકો મારી દીધા અને મીડિયા કહે છે કે કોઇ નથી મર્યું તો હું શું માનું. સામ પિત્રોડા એ કહ્યું કે આ વિચાર તેમના પોતાના છે અને કોંગ્રેસ પાર્ટી સાથે તેની કોઇ લેવા-દેવા નથી.

વિપક્ષ સેનાનું સતત અપમાન કરે છે,દેશ ક્યારે માફ નહિ કરે: મોદી

સામ પિત્રોડા દ્વારા પુલવામા હુમલા અને બાલકોટ સર્જિકલ સ્ટ્રાઇક પર આપેલા વિવાદાસ્પદ નિવેદન પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તરત જ ટ્વિટર પર પ્રતિક્રિયા આપી. મોદીએ લખ્યું કે, વિપક્ષે આપણી સેનાનું ફરીથી અપમાન કર્યું છે. હું મારા દેશવાસીઓને અપીલ કરું છું કે વિપક્ષના નેતાઓના નિવેદન પર સવાલ પૂછો. તેમને કહો કે ૧૩૦ કરોડ ભારતીયો વિપક્ષના અસંગતતાને માફ નહીં કરે. ભારત સેનાની સાથે ખભેથી ખભા મેળવીને ઊભો છે.

મોદીએ સપા નેતા રામગોપાલ યાદવને પણ નિશાને લેતાં ટ્વિટર પર લખ્યું કે, વિપક્ષની આદત રહી છે કે તેઓ આપણી સેના પર સવાલ ઊભા કરે. દેશના સિનિયર નેતા રામગોપલજીએ કાશ્મીરની રક્ષા કરતાં જવાનોનું અપમાન કર્યું છે. આપણા શહીદોના પરિવારોનું અપમાન કર્યું છે.

ક્રિકેટની પીચ પર બેટિંગ કરનાર ગંભીર હવે ભાજપમાં બેટિંગ કરશે

અટકળોનો અંત: ભારતના પૂર્વ ક્રિકેટર ગૌતમ ગંભીર ભાજપમાં જોડાયા



ન્યુ દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ઓપનર ગૌતમ ગંભીરે રાજકીય ઈનિંગ શરૂ કરી દીધી છે. ગૌતમ ગંભીર ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઇ ગયા છે. કેન્દ્રીય મંત્રી અરૂણ જેટલી અને રવિશંકર પ્રસાદની હાજરીમાં ગંભીરે પાર્ટીની સભ્યતા લીધી. ત્યાર બાદ ગૌતમ ગંભીરે બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની પણ મુલાકાત લીધી.

ગંભીર બીજેપીમાં સામેલ થઇ ગયા બાદ હવે તે નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે કે તેને દિલ્હીથી લોકસભાની ચૂંટણી માટે ટિકિટ મળી શકે છે. જોકે, પ્રેસ કોન્ફરન્સમાં અરૂણ જેટલીએ આ વાત પર જવાબ આપ્યો નહીં. તેમણે કહ્યું કે આ નિર્ણય પાર્ટી હાઇકમાન્ડ પર છોડી દો.

બીજેપીની સભ્યતા લીધા બાદ ગૌતમ ગંભીરે મીડિયા સાથે વાતચીતમાં કહ્યું કે હું વડાપ્રધાનના વિઝનથી પ્રભાવિત હતો માટે બીજેપીમાં સામેલ થયો છું. ઉલ્લેખનીય છે કે ગૌતમ ગંભીરે બીજેપીમાં સામેલ થઇ શકે છે તેવા અહેવાલો ઘણા સમયથી મીડિયામાં સામે આવી રહ્યા હતા. જોકે ફક્ત ઔપચારિક જાહેરાત જ બાકી હતી.

આરએલએસપીને ૫,હમ-૩,વીઆઈપી પાર્ટીને ત્રણ બેઠકો ફાળવવામાં આવી

બિહાર મહાગઠબંધનનો નિર્ણય: RJD ૨૦, કોંગ્રેસ ૯ બેઠકો પર ચૂંટણી લડશે

પટના

લોકસભાની ચૂંટણીએને લઈને બિહાર મહાગઠબંધનમાં બેઠકોની ફાળવણી થઈ ગઈ છે. બિહારમાં રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) ૨૦ બેઠકો પરથી ચૂંટણી લડશે, તો કોંગ્રેસને ૯ બેઠકો ફાળવવામાં આવી છે. રાષ્ટ્રીય જનતા દળના પ્રવક્તા મનોજ ઝાએ જણાવ્યું હતું કે, પ્રેસ કોન્ફરન્સ પહેલા એક બેઠક થઈ હતી. આ બેઠકમાં તેજસ્વી યાદવ, શરદ યાદવ, જીતન રામ માંઝી સહિતના અનેક નેતાઓ શામેલ હતાં.



મહાગઠબંધનમાં બિહારનીએ ૪૦ લોકસભા બેઠકોમાં આરજેડીને ૨૦તો છેલ્લે સુધી ૧૧ બેઠકોની માંગણી પર અડેલી કોંગ્રેસ ૯ બેઠકો લઈને માની ગઈ છે. આ ઉપરાંત ઉપેન્દ્ર કુશવાહાની પાર્ટી RLSPને ૫, જતીનરામ માંઝીની પાર્ટી 'હમ'ને ૩ અને સન ઓફ મલ્લાહ મુકેશ સહનીની વીઆઈપીએને ૩ બેઠકો ફાળવવામાં આવી છે.

ગયા બેઠક પરથી હિંદુસ્તાન અવામ મોર્ચાના જીતન રામ માંઝીને ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવ્યાં છે.

વડાપ્રધાન મોદી જ રહેશે અને તેમનો વિજયનો માર્ગ સાફ છે

પવાર, માયાવતીનું ચૂંટણી નહીં લડવું મોદીના વિજયનો સંકેત : શિવસેના

મુંબઈ

એનસીપીના પ્રમુખ શરદ પવાર અને બસપાના અધ્યક્ષ માયાવતીનું લોકસભાની ચૂંટણીમાં નહીં લડવાનો નિર્ણય એનડીએના સ્પષ્ટ વિજયનો સંકેત છે. તેમ કહીને શિવસેના પાર્ટીએ દાવો કર્યો હતો કે કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રા ઉત્તર પ્રદેશમાં એસપી-બીએસપી ગઠબંધનની રમત ખરાબ કરી દેશે કારણ કે કોંગ્રેસ અને માયાવતીનું વોટ બેઝ એક જ છે. એનડીએના ઘટક જૂથ શિવેસેનાએ પોતાના મુખપત્ર 'સામના'માં જણાવ્યું હતું કે પવાર અને માયાવતીનો ચૂંટણી નહીં લડવાનો નિર્ણય એ વાતનો સંકેત છે કે નરેન્દ્ર મોદીનો વડાપ્રધાનપદે રહેશે અને તેમના વિજયનો માર્ગ સાફ છે. લેખમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે શરદ પવાર સાથે માયાવતીએ પણ લોકસભા ચૂંટણી નહીં લડવાનું નક્કી કર્યું છે. મહત્ત્વની વાત એ છે કે તેઓ વડાપ્રધાન પદની દોડથી બહાર છે. માયાવતીનો હવાલો આપતા શિવસેનાએ કહ્યું હતું કે તેઓ દેશભરમાં તેમની પાર્ટીના ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કરવા ઇચ્છે છે તેથી તેઓએ પોતે ચૂંટણી નહીં લડવાનો નિર્ણય લીધો છે. બસપાની હાજરી માત્ર ઉત્તરપ્રદેશમાં છે અને ચૂંટણી ન લડવાના નિર્ણયનો અર્થ છે કે તે ચૂંટણીથી ભાગી રહી છે. 'સામના'માં દાવો કરાયો છે કે પવારે પણ માઢા લોકસભા બેઠકથી આ રીતે ભાગવાનો રસ્તો અપનાવ્યો.





હળવદ શહેરમાં હોલિકા દહન કરાયુ, હોળીની જવાળા પરથી વાર્ષિક વરતાર કરાઈ પૂર્વનો વાયુ



સમગ્ર શહેર માં રાત્રે ૯ કલાકે હોલિકા દહન કરીનેહોળીનુ પર્વ મનાવ્યું બુરાઈ પર ભલમાનસાઈ અચ્છાઈ ની જીતના ઉત્સવ તરીકે હોળીનું પર્વ મનાવાય છે

હોલિકા દહન ની ભાવભેર ઉજવણી હળવદ પંથકમાં કરવામાં આવી હતી હોલિકાદહનનું મુરત રાત્રીના ૯ કલાકે હોલિકાદહન માં લોકો ધાણી દાળિયા ખજુર કપૂર શહીત ની પ્રસાદી સાથે હોળીદહન હોલિકા દર્શન માટે લોકો ભાવ-ભક્તિ સાથે ઉમટી પડ્યા હતા ,પંથકમાં હોલિકા દહન કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યા હતા હોલિકા દહન કરીને બુરાઈ પર જીત ના ઉત્સવ તરીકે હોળી પર્વ મનાવવામાં આવે છે સાથે હોળી અને ધુળેટીનો પર્વ ઉજવણી કરવામાં આવે છે હોળી ધુળેટીના પર્વને એક આગવું મહત્વ છે આ પર્વ શત્રુઓ સાથે પણ રાગ દેશ ભુલાવી તેને અબીલ-ગુલાલ ના માધ્યમથી સ્નેહના રંગમાં રંગી દેવામાં આવે છે ધુળેટીના રંગો નો તહેવાર પણ કહેવામાં આવે છે મંદિરો હવેલીઓ ભગવાનને પણ રંગે ચંગે ભાવિકો રંગોત્સવ ફૂલડોલ ઉત્સવ ઉજવણી કરવામાં આવે છે સવારથી બાળકો મનગમતી પિચકારી લઈને ધુળેટી રમવા નીકળી પડ્યા હતા કેસુડાના રંગોછાટી અબીલ ગુલાલ ના માધ્યમથી પોતાના ઉત્સવનો આનંદ વ્યક્ત કર્યો હતો

હોળી ની જવાળા અને ભડાલી ના વચનો હોળી પ્રાગટ્ય વખતે તેની જાળા કઈ બાજુ જાય છે તેના પરથી વાર્ષિક વળતર કરવામાં આવે છે હોળી ની જાળ પૂર્વ નો થાય છે અને તેના માટે ભડાલીના વચનો પ્રમાણે જે સંક્ષિપ્તમાં જોઈએ તો જે બાજુ જાળ જાય તેના ઉપરથી વર્ષ નક્કી થાય છે આ વર્ષે પૂર્વ બાજુ નો વાયુ વાતા કોરે ને કંઈ ભીનો જાય તેવું વર્ષ જશે તેઓ જ્યોતિષો નુ માનવુ છે આમ હોળી સમયે પારખ કીન આમ આમ હોળીના પવન ઉપરથી શુભાશુભ નો વિચાર કરાય છે

હોળીના દિવસે ખજૂર ખાવાનો ધાર્મિક અને વૈજ્ઞાનિક મહત્વ છે આ દિવસે લોકો ખજૂર ખાઈને હોડી ભૂખ્યા રહે છે અને હોળી માં ધાણી દાળીયા ખજુર પધારાવાનુ પણ મહત્વ છે અને હિન્દુ પંચાગ મુજબ હોળી વષો નો છેલ્લો તહેવાર છે સનાતધમેં અનુસાર ચૈત્ર મહિનાની થી નવસંવત્સર પ્રારંભ થાય છે

અબડાસાના આરીખાણા ગામેથી ૧૭ લાખના



અબડાસા:ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર એમ.બી.ઔસુરાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફ અબડાસા તાલુકા વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન કોઠારા સાયરા તરફ જતા ચાર રસ્તા પર આવતા ખાનગી રાહે સચોટ બાતમી મળેલ કે, આરીખાણા ગામની વાડી વિસ્તારમાં આવેલ મહાવિરસિંહ જાડેજાની વાડી ઉપર વાડા પધ્ધર ગામનો મયુરસિંહ જવિરસિંહ જાડેજા તથા સંજયસીંગ ધરમપાલવાળાઓએ ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂનો જથ્થો તેની વાડી ઉપર ઉતારેલ છે.

જે મળેલ સચોટ બાતમીના આધારે તુરંત જ વર્કઆઉટ કરી બાતમી વાળી જગ્યા મહાવિરસિંહ જાડેજાની વાડી પર આવી ચેક કરતા એક ઈસમ હાજર મળી આવેલ જેને પોતાનું નામ-ઠામ પુછતા પોતે પોતાનું નામ રાજુસીંગ શેરસીંગ રાજપુત, ઉ.વ.૨૧, રહે.હજારખેડા, તા.બાદરપુર, જિ.અલવર, (રાજસ્થાન) વાળો હોવાનું જણાવેલ જેને સાથે રાખી વાડીમાં આવેલ રૂમની અંદર ઝડતી તપાસ કરતા વાડીના રૂમમાંથી જુદી-જુદી બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની ૭૫૦ એમ.એલ.ની કાચની શીલબંધ બોટલ નંગ-૫૦૬૪, પેટી નંગ-૪૨૨, કિ.રૂા.૧૭,૭૦,૪૦૦/-નો પ્રોહિના મુદામાલ મળી આવ્યો હતો.

સદરહું પ્રોહિના મુદામાલ બાબતે આરોપી રાજુસીંગને યુકિત-પ્રયુકિતથી પુછ-પરછ કરતા તેણે જણાવેલ કે, સદરહું ઈંગ્લીશા દારૂનો જથ્થો મયુરસિંહ જયવિરસિંહ જાડેજા, રહે.વાડાપધ્ધર, તા.અબડાસા, તથા સંજયસીંગ ધરમપાલ, રહે.હરીયાણા, તથા વાડીના માલીક મહાવીરસિંહ જાડેજા, રહે.આરીખાણા, તા.અબડાસા વાળાઓએ સાથે મળીને આ વાડીમાં આ દારૂનો જથ્થો ઉતારેલ અને પોતાને આ દારૂના જથ્થા ઉપર ચોકીદારી માટે રાખેલાની કબુલાત કરતો હોય ઉપરોકત ચારેય આરોપીઓ વિરૂધ્ધ કોઠારા પો.સ્ટે. પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો રજીસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

જુગાર રમતા તત્વો ઉપર રાણપુર પોલીસની લાલ આંખ

રાણપુરના ખોખરનેસની સીમમાં જુગાર રમતા બુબાવાવના પાંચ શખ્સોને ઝડપી પાડ્યા

બોટાદ જીલ્લાના રાણપુરમાં નવનિયુક્ત મહીલા P.S.I.એમ. જે. સાગઠીયા એ જ્યારથી ચાર્જ સંભાળ્યો છે ત્યારથી અસામાજીક પ્રવૃતી ઉપર કડક હાથે કામગીરી કરી રહ્યા છે ત્યારે રાણપુર તાલુકાના બુબાવાવ ગામના પાંચ શખ્સો ખોખરનેસ ની સીમમાં જુગાર રમતા ઝડપી પાડ્યા હતા

આ અંગે રાણપુર પોલીસ સુત્રો પાસેથી મળતી માહીતી મુજબ રાણપુર પોલીસ સ્ટેશનનાં મહિલા P.S.I.એમ.જે.સાગઠીયા સ્ટાફ સાથે ખોખરનેસ ગામ બાજુ રાત્રે પેટ્રોલિંગ કરી રહ્યા હતા.ત્યારે ખોખરનેસ ની સીમમાં અમુક ઈસમો તીનપત્તીનો જુગાર રમી રહ્યા છે ની બાતમી મળતા બાતમી વાળી જગ્યાએ રેડ પાડતા અફડાતફડી મચી ગઈ હતી અને પાંચ શખ્સો પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા જેમાં મહેશભાઈ પોપટભાઈ મેણીયા,મનસુખભાઈ ઉકાભાઈ મરાડીયા, મનસુખભાઈ પોપટભાઈ મેણીયા, રાયસંગભાઈ લાલજીભાઈ મેણીયા, સંજયભાઈ મનજીભાઈ પાનસણીયા તમામ શખ્સો રહે બુબાવાવ આ શખ્સો ખોખરનેસની સીમમાં તીન પત્તીનો જુગાર રમતા રોકડા ૧૦૦૫૦ સાથે રાણપુર પોલીસના હાથે ઝડપાઈ જતા તેઓની વિરૂધ્ધ જુગારધારા હેઠળ ગુન્હો દાખલ કરી આગળની તપાસ હે.કો-એસ.વી.ખેર કરી રહ્યા છે.રાણપુર પોલીસ દ્વારા સતત બીજા દિવસે જુગારીઓ ઉપર રેડ કરતા જુગાર રમતા તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો

કોઠારા વિસ્તારમાંથી દારૂ સાથે એક આરોપીને ભુજ એલસીબીએ પકડી



કોઠારા: કોઠારા વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન તુતરા પોલીસ ચેક પોસ્ટ પાસે આવતા ખાનગી રાહે સચોટ બાતમી મળેલ કે એક ઈસમ સીલ્વર કલરની મહિન્દ્રા બોલેરો ગાડી નં.જીજે-૧૦-વાય-૯૪૩૪ વાળીમાં ઈંગ્લીશદારૂના જથ્થા સાથે કોઠારા-માંડવી હાઈવે થી નીકળનાર છે. જે મળેલ બાતમીના આધારે તુરંત જ વર્કઆઉટ કરી કોઠારા થી માંડવી જવાના રસ્તા પર વોચમાં રહેલ તે દરમ્યાન બાતમી વાળી મહિન્દ્રા બોલેરો ગાડી આવતા જે ગાડી ઉભી રખાવી ચેક કરતા આરોપી દિપક જમનાદાસ જેઠવાણી, ઉ.વ.૨૭, રહે.મુળ ગામ-મોથાળા, તા.અબડાસા હાલ રહે.ગોકુલનગર, જકાતનાકા, પાસે, પ્રાર્થના એપાર્ટમેન્ટ ત્રીજા માળે, રૂમ નં.૩૦૨, જામનગર વાળો હોવાનું જણાવેલ જેના કબ્જાની ફોર વ્હીલર કાર નં.જીજે-૧૦-વાય-૯૪૩૪, વાળી ચેક કરતા તેમાંથી જુદી-જુદી બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની ૭૫૦ એમ.એલ.ની કાચની શીલબંધ બોટલ નંગ-૨૦૩, કિ.રૂા.૭૧,૦૫૦/- નો પ્રોહિનો જથ્થો મળી આવેલ તથા દારૂની હેર ફેર માટે ઉપયોગમાં લીધેલ બોલેરો ગાડી જેની કિ.રૂા.૨,૫૦,૦૦૦/- એમ કુલે કિ.રૂા.૩,૨૧,૦૫૦/-ના મુદામાલ સાથે પકડાયેલ આરોપી વિરૂધ્ધ કોઠારા પો.સ્ટે. કાયદેસરની કાર્યવાહી કરી ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

રાણપુરમાં તાલુકા પંચાયતના કર્મચારી દ્વારા ધુળેટી પર્વની ઉજવણી



બોટાદ જીલ્લાના રાણપુર તાલુકા પંચાયતના કર્મચારીઓ દ્વારા તાલુકા પંચાયત ખાતે હોળી-ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવી હતી જેમાં રાણપુરના ટી.ડી.ઓ-એમ. આઈ. પરમાર, રોનકભાઈ પટેલ, એચ. કે. બાવળીયા, એસ. એમ. ડાભી, એમ. એલ. પઢારીયા, મણીલાલ કયરા,નિકુંજભાઈ રાણા સહીત તમામ કર્મચારીઓએ એકબીજા ને રંગી ધુળેટીની ઉજવણી કરી હતી

સુપ્રસિધ્ધ સાળંગપુર હનુમાનજી મંદીર ખાતે

ધુળેટી પર્વ નિમિત્તે હનુમાનજી દાદાને પીચકારી અને રંગોનો શણગાર કરવામાં આવ્યો



મંદીરના પરિસરમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી



બોટાદ જીલ્લાના સુપ્રસિધ્ધ સાળંગપુર કષ્ટભંજન દેવ હનુમાનજી મંદીરે હોળી-ધુળેટી તહેવાર નિમિત્તે દાદા ને અલગ-અલગ રંગો અને પીચકારી નો શણગાર કરવામાં આવ્યો હતો.ધુળેટી પર્વ નિમિત્તે સાળંગપુર હનુમાનજી મંદીરે આજે દેશ વિદેશ થી ભક્તો દાદાના દર્શન કરવા આવતા ભારે ભીડ જોવા મળી હતી.મંદીર ના પરિસર માં ભક્તોનુ ઘોડાપુર જોવા મળ્યુ હતુ જ્યારે આ ધુળેટી પર્વ અંગે સાળંગપુર હનુમાનજી મંદીર ના કોઠારી વિવેકસ્વામી સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે આજે ધુળેટી નો તહેવાર હોય દાદાના દર્શન કરવા મોટી સંખ્યામાં લોકો સાળંગપુર આવી પહોચ્યા હતા દાદાને સુંદર રંગો અને પીચકારી નો શણગાર કરવામાં આવ્યો છે જેના દર્શન કરી ભક્તો ધન્યતા અનુભવી રહ્યા છે અને કષ્ટભંજન દેવ હનુમાનજી દાદા તમામ ના જીવન નવા રંગો થી રંગી દે તેવી શુભકામના.

મોરબી ના પંચાસર ચોકડી પાસેથી કારમાં દારૂની હેરાફેરી કરતા બે ઝડપાયા



મોરબી જીલ્લા એસપીના માર્ગદર્શન હેઠળ એલસીબી ટીમ હોળી ધુળેટીના પર્વ નિમિતે દારૂની હેરાફેરી રોકવા કાર્યરત હોય દરમિયાન કારમાં દારૂની હેરાફેરી કરતા બેને ઝડપી લેવામાં આવ્યા છે

મોરબી એલસીબી ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન પંચાસર ચોકડી નજીકથી ઈકો કારને આંતરી તલાશી લેતા કારમાંથી ૧૦૭ દારૂની બોટલ કીમત ૩૭,૩૭૫ અને ઈકો કાર કીમત ૧,૫૦,૦૦૦ તેમજ ત્રણ મોબાઈલ ફોન કીમત ૪૦૦૦ સહીત કુલ ૧,૯૧,૩૭૫ નો મુદામાલ જપ્ત કરી આરોપી વિમલ મુળજીભાઈ જાદવ રહે વાવડી રોડ મોરબી અને મુકેશ નારણ કણઝારીયા રહે કૈલાશપાર્ક સોસાયટી મોરબી વાળાને ઝડપી લેવાયો છે જયારે દારૂનો જથ્થો મોકલનાર આરોપી ભૂપત બાબુભાઈ ડાંગર રહે જામદુધઈ તા જોડિયા વાળાનું નામ ખુલતા તેની વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ ચલાવી છે

બોટાદ જીલ્લાના લાખયાણી ગામના ખુન તથા ખુનની કોશીષ જેવા ગંભીર ગુન્હાના ફરાર આરોપીને નવસારી થી ઝડપી પાડતી બોટાદ એસ.ઓ.જી. ટીમ



અશોક કુમાર, નાયબ પોલીસ મહાનિરિક્ષક શ્રી. ભાવનગર વિભાગ, ભાવનગર આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત બોટાદ જીલ્લાના પેરોલ જમ્પ તથા નાસતા ફરતા આરોપી શોધી કાઢવા સુચના આપેલ હોય જે અનુસંધાને હર્ષદ મહેતા પોલીસ અધીક્ષક બોટાદની સુચનાથી એસ.ઓ.જી.શાખા બોટાદ દ્વારા સદર કામગીરી હાથ ધરતા બોટાદ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૬૨/૧૪ ઈ.પી.કો.કલમ ૩૦૨,૩૦૭, વિ.ના કામનો આરોપી દાનાભાઈ સાજણભાઈ ચાવડા રહે.લાખયાણીવાળો ભાવનગર જીલ્લા જેલ ખાતેથી વચગાળાના જામીન ઉપર છુટેલ અને તા.૦૩/૧૧/૨૦૧૮ ના રોજ પેરોલ ઉપરથી હાજર નહીં થઈ ફરાર થયેલ હતો મજકૂર આરોપીની શોધખોળ કરતા બાતમી આધારે નવસારી ખાતેથી સદરહુ આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી કરી જેલ હવાલે કરવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે આ કામગીરી એમ.એમ.દિવાન પોલીસ ઈન્સપેક્ટર તથા હેડ કોન્સ મહવિરસિંહ બનેસિંહ ગોહિલ, પો.કોન્સ ભગીરથભાઈ જોરૂભાઈ , હેડ કોન્સ રાઘવભાઈ ભરાડીયા સહીત બોટાદ એસ.ઓ.જી. ટીમ દ્વારા કરવામાં આવી હતી.

ટ્રેન અકસ્માતના દર્દીને ૧૦૮ની ટીમે ઓન રોડ ટ્રીટમેન્ટ આપી જીવ બચાવ્યો



સુરત

સચિન રેલવે સ્ટેશન પરથી મળી આવેલા ટ્રેન અકસ્માતના દર્દીને ૧૦૮ના કર્મચારીઓએ ઓન રોડ એટ્રોપીન નામના ઈન્જેકશન, ફ્યુડ બોટલ અને ઓક્સિજન આપી નવું જીવન આપવામાં સફળ રહ્યા હતા. ટ્રેન અકસ્માતમાં અમિતભાઈ યાદવના બીપી અને હૃદયના ધબકારા ઘટી ગયા હોવાથી ઈએમટીએ સંસ્થાના ઈઆરસીપીના માર્ગદર્શનમાં સારવાર આપી હતી. ખાનગી હોસ્પિટલ પહોંચ્યા બાદ તબીબોએ ૧૦૮ના કર્મચારીઓની કામગીરીની પ્રશંસા કરતા પરિવારે પણ આભાર વ્યક્ત કર્યો હતો.

ગંભીર હાલતમાં મળી આવેલા અમિતભાઈ યાદવ એમ્બ્રોઈડરીના કારીગર છે. અમિત કારખાનેથી ઘર તરફ જતી ટ્રેનની અડફેટે ચઢ્યો હતો. સચિન રેલ્વે સ્ટેશનના ટિકિટ બારી પર કામ કરતા ભાઈએ જોતાની સાથે જ ૧૦૮ ને ફોન કર્યો હતો. ૧૦૮નાં તબીબે જણાવ્યું કે, ધૂળેટીની રાત્રે લગભગ સાડા દસ વાગ્યાના અરસામાં સુરત - સચીન રેલ્વે સ્ટેશન પરથી ટ્રેન અડફેટે યુવાન ઈજાગ્રસ્ત હોવાનો કોલ આવ્યો હતો. ઘટના સ્થળે ગયા બાદ એકવીસ વર્ષીય યુવક ટ્રેન અડફેટે ચઢ્યા બાદ હેડ ઈન્જરી સાથે બેભાન અવસ્થામાં મળી આવ્યો હતો.

દર્દીને સ્પાઈન બોર્ડ ઉપર ઓક્સિજન અને એટરોપીન ઈંજેકશન આપી તેની તબિયતમાં સુધારો લાવવામાં સફળ રહ્યા હતા. ત્યારબાદ ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા બાદ નિષ્ણાત તબીબને દર્દીની કેસ હિસ્ટ્રી અને ઓન રોડ સારવાર અપાઈ હોવાની માહિતી આપી હતી. પરિવારે કહ્યું હતું કે, તમે અમિત યાદવને નવું જીવન આપ્યું છે.

ચમત્કાર... નદીના તટમાં તણાઈને આવેલી મહિલા જીવતી નીકળી



સુરત

સુરતના રાંદેર કોઝ વે ઉપર ગુરુવારે એટલે કે ધૂળેટીના દિવસે તાપી નદીમાં એક વૃદ્ધ મહિલાની લાશ તણાઈને આવી હોવાનું જાણવા મળતા સ્થાનિક તરવૈયાઓ નદીમાં પડીને જોતા મહિલા જીવીત હતી. મહિલાનો આ વીડિયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયો હતો.

મળતી માહિતી પ્રમાણે સુરતના રાંદેર કોઝ વે ઉપર ધૂળેટીના દિવસે તાપી નદીના તટમાં એક મહિલા તણાઈને આવી હોવાની વાત વહેતી થઈ હતી.

જેના પગલે સ્થાનિક તરવૈયાઓએ નદીમાં ઉતરીને તપાસ કરતા મહિલા જીવતી નીકળી હતી. તરવૈયાઓએ મહિલાને બહાર કાઢીને સારવાર માટે મોકલી આપવામાં આવી હતી. આ અંગે ફાયર બ્રિગેડ કે પોલીસને જાણ ન હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. અત્યારે તાપી નીદના તટમાં મહિલાનો આ વીડિયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયો છે.

સુરતના વધુ બે બેંક ગ્રાહકો સાથે ઠગોએ ઓનલાઈન છેતરપિંડી કરી

બેંક ખાતેદારોના રૂપિયા ઠગોએ ઉપાડી લીધા

સુરત

સુરતના બે બેંક ખાતેદારો પાસેથી વિગતો મેળવી ભેજાબાજોએ ઓન લાઈનના માધ્યમથી નાણાં બારો બાર પડાવી લઈ છેતરપિંડી કરી હતી.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર પિન્ટુભાઈ ધનસુખભાઈ ગલસટ ઉ.વ.૩૫ (રહે.ફલેટ નં.૨૧૩, ગાર્ડનગેટ એપાર્ટમેન્ટ, નાના વરાછા) જેઓ શહેરના માનદરવાજા ખાતે આવેલ બેંક ઓફ બરોડા ખાતામાં પોતાનું ખાતુ ધરાવે છે. ગત તા.૯મી માર્ચના રોજ પિન્ટુભાઈને અજાણ્યા ઈસમે બેંક ઓફ બરોડા માથી વાત કરવાનું જણાવી તેમની પાસેથી મોબાઈલ ફોન ઉપર પોતાના ક્રેડિટ કાર્ડનો નંબર તથા સીવીવી નંબર મેળવી લઈ તેમના ખાતામાંથી રૂા.૨૩,૯૯૬ ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધા હતા. બનાવની જાણ પિન્ટુભાઈને થતાં તેઓએ સલાબતપુરા પોલીસ મથકમાં આ જાણ કરતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે. જ્યારે બીજા બનાવમાં મુન્નારશાહ સુપડુશાહ ઉ.વ.૪૨ (રહે.ઘર નં.૪, પ્લોટ નં.૨, પ્રતાપનગર, બ્લોક નં.૩૩-૫૩, લિંબાયત, સુરત) જેઓ રીંગરોડ, ઉધના દરવાજા ખાતે આવેલ કોટક મહિન્દ્રા બેંકમાં ખાતુ ધરાવે છે. મુન્નારશાહને ગતરોજ સાડા બાર વાગ્યાના સુમારે રાહુલકુમાનર નામનો અજાણ્યો ઈસમ મો.નં.૯૧૩૪૪-૨૫૪૦૬ ઉપરથી ફોન કરીને અલગ અલગ લીંકો મોકલી તે લીંકોની અંદર મુન્નારશાહનો પાસવર્ડ નંખાવી તેમના કોટ મહિન્દ્રા બેંકના એકાઉન્ટ નં.૦૬૧૩૦૧૪૭૩૯માંથી રૂા.૩૨ હજાર ઓનલાઈન ટ્રાન્સફ કરી છેતરપિંડી કર્યાની ફરિયાદ પોલીસ મથકે નોંધાવા પામી છે. પોલીસે બંને બનાવોમાં ઓનલાઈન ટ્રાન્સફરની મદદથી છેતરપિંડીની થયેલી ફરિયાદના આધારે આઈ.ટી.એક્ટ ૬૬(સી) (ડી) મુજબનો ગુનો નોંધી બનાવની વધુ તપાસ પો.ઈ. વી.જે.ચૌધરી કરી રહ્યાં હોવાનું જાણવા મળે છે.

ઉધના લક્ષ્મી નારાયણ ઈન્ડસ્ટ્રીઝમાં ૨૩ પ્લોટમાં ડીમોલીશન કરાયું

ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૩૪.૬૦ લાખ વસુલ કરાયા

સુરત

સાઉથ ઝોન (ઉધના)ના એ.ડી. સિટી ઈજનેર (સી) તથા ઝોનલ ચીફ તેમજ કાર્યપાલક ઈજનેર સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન (ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં મોજે ઉધના, રે.સ.નં. ૧૫૧ પૈકી, મોજે ભેદવાડ, રે.સ.નં. ૧, મોજે ડીંડોલી, રે.સ.નં. ૩૪૬થી ૩૪૯ સબ પ્લોટ નં. બી, લક્ષ્મીનારાયણ ઈન્ડ. એસ્ટેટ, બી.આર.સી. કંમ્પાઉન્ડ, ઉધના, સુરતવાળી મિલકતમાં ટી.ડી.ઓ/ડી.પી./૪૫૦/૧૨/૨૦૧૨થી મેળવેલ વિકાસ પરવાનગી વિરૂદ્ધ બાંધકામ થયેલ હોવાનું જણાઈ આવેલ, જેથી સદરહું મિલકતદારોને મંજૂર પ્લાન વિરૂદ્ધ થયેલ બાંધકામ સબબ તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલકતદારો દ્વારા કરવામાં ન આવતા તા.૧૯-૦૩-૨૦૧૯થી સાઉથ ઝોન (ઉધના)ના કાર્યપાલક મહાનગરપાલિકા સિક્યોરિટી સ્ટાફ તથા કોન્ટ્રાક્ટ એજન્સીનો સ્ટાફ મળી કુલ સ્ટાફ-૨૨૬થી કુલ ૨૩ પ્લોટમાં આશરે ૯,૪૦૦ ચો.ફૂટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ મંજૂર પ્લાન વિરુદ્ધ આર.સી.સી. ચણતર દિવાલો તથા સેન્ટરીંગ સહિતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના વહીવટી ચાર્જ પેટે રૂા.૩૪,૮૦,૦૦૦ મિલકતદારો પાસેથી વસૂલ લેવામાં આવેલ છે.

ચોકીદારની હત્યા કેસમાં પ્રેમી-પ્રેમિકાની ધરપકડ

સુરત

સુરતના ઉંમરમાં વિસ્તારમાં વોચમેનની હત્યાનો મામલામાં પોલીસે એક મહિલા સાથે એક યુવકની કરી ધરપકડ કરી છે. મરનાર યુવક પ્રેમિકા સાથે રહેતો હતો. પ્રેમિકાએ તેના પ્રેમી સાથે પહેલા પ્રેમીની હત્યા કરી હતી.

સુરતના અઠવાલાઈન્સની ગોકુલમ ડેરી નજીક ચોકીદારની હત્યાથી ખળભળાટ મચી ગયો છે. નવા બની રહેલા ફોરમ શ્રી બ્લિડિંગના વોચમેન રુમમાંથી હત્યા કરાયેલી ચોકીદારની લાશ મળી આવી હતી. ઘટનાને પગલે પોલીસ દોડી આવી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી.

આ અંગે પ્રાથમિક તપાસમાં કેટલીક ચોંકાવનારી માહિતી સામે આવી છે. ચોકીદારના ગળાના ભાગે નખના નિશાન જોવા મળ્યા છે અને લાશની નજીક મરચાની ભૂકી પણ મળી આવી છે. જોકે, આ સમગ્ર ઘટના સામે આવ્યા બાદ ચોકીદારની પત્ની ફરાર થઈ ગઈ છે.

ઘટનાસ્થળે દોડી આવેલી પોલીસને તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, ચોકીદારની પત્ની ફરાર થઈ ગઈ હતી.. હાલ પોલીસે ચોકીદારની ફરાર પત્નીને શોધવા માટે દોડધામ શરૂ કરી હતી. આ સમગ્ર મામલે પોલીસને ચોકીદારની પત્ની પર પણ શંકા જઈ રહી હતી.

લાકડા, લાકડી, તલવાર જેવા શસ્ત્રો તથા વિસ્ફોટકો સાથે રાખવા નહીં

સુરત

ભારતના ચૂંટણી આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ નો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ તા.૨૩ એપ્રિલના રોજ મતદાન યોજાનાર છે. જેથી ચુંટણીને અનુલક્ષીને અનુલક્ષીને સુરત જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એસ.ડી.વસાવાએ એક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે. જે મુજબ કોઈ પણ વ્યક્તિએ શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ઘોડા, બંદૂક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડે તેવા સાધનો સાથે લઈ જવા નહી. આ ઉપરાંત કોઈ પણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખવા નહીં. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા, એકઠા કરવા કે તૈયાર કરવા પર પ્રતિબંધ ફરમાવામાં આવ્યો છે. મનુષ્યો અથવા શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી. જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં. તેવા હાવભાવ કરવા નહીં તેવી ચેષ્ઠા કરવી નહીં તથા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ-વસ્તુ તૈયાર કરવી નહીં અને બતાવવી નહીં. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં. લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં અને ગીતો ગાવા અને વાદ્ય વગાડવા પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

ભાઠા બોમ્બે કોલોની ખાતે બંધ ઘરમાં ચોરી

સુરત

શહેરના ઈચ્છાપોર વિસ્તારમાં આવેલા ભાઠાગામની બોમ્બે કોલોનીના બંધ ઘરમાં બારીમાંથી ઘુસી અજાણ્યો તસ્કર કુલ રૂા.૧.૬૨ લાખ ઉપરાંતની મત્તા ચોરી કરી નાસી છુટ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર પંકજભાઈ કાનજીભાઈ પટેલ ઉ.વ.૫૧ (રહે.ભાઠા ગામ, બોમ્બે કોલોની, એસ્સાર પેટ્રોલ પંપની બાજુમાં, સુરત) ના ઘરમાં ગત તા.૧૯ મી માર્ચના રોજ રાત્રીના સાડા અગિયાર વાગ્યાના સુમારે ઘરની સાઈડની દીવાલે લગાડેલ બારીની ગ્રીલ કોઈ સાધન વડે તોડી ઘરમાં પ્રવેશી કરી રૂમમાં રાખેલ બે કબાટોના તાળા ખોટી કબાટોમાં રાખેલ સોના - ચાંદીના દાગીના કિંમ. રૂા.૭૪,૦૦૦ તથા રોકડા રૂા.૮૮,૦૦૦ મળી કુલ્લે રૂા.૧,૬૨,૦૦૦ના મત્તાની ચોરી કરી નાસી છુટ્યો હતો. પંકજભાઈને બનાવની જાણ થતા તેઓએ ઈચ્છાપોર પોલીસ મથકમાં અજાણ્યા ઈસમ વિરુધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ઈપીકો કલમ ૪૫૪, ૫૪૭, ૩૮૦ મુજબનો ગુનો નોંધી બનાવની વધુ તપાસ પો.સ.ઈ. પી.એમ.દેસાઈ કરી રહ્યાં હોવાનું જાણવા મળે છે.

દક્ષિણ ગુજરાતમાં ૩૩ ડીગ્રી તાપમાન આવતા સપ્તાહે તાપમાન વધશે

સુરત, નવસારી અને વલસાડમાં મહત્તમ તાપમાન એક સમાન નોંધાયું

સુરત

ઉત્તર પૂર્વ દિશાથી પવન ફુંકાવાની સાથે આગામી સપ્તાહ સુધી કાળઝાળ ગરમી રહે તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. આજે દક્ષિણ ગુજરાતમાં ૩૩ ડીગ્રીની આસપાસ તાપમાન નોંધાયો છે. જેમાં ત્રણથી ચાર ડીગ્રીનો વધારો થવાની શક્યતા છે.

હોળી-ધૂળેટી પર્વ બાદ સામાન્ય રીતે ઉનાળાની શરૂઆત થતી હોય છે. આજે ઉત્તર પૂર્વ દિશાથી ગરમ પવન ફૂંકાવાની સાથે તાપમાનમાં વધારો નોંધાયો છે. સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૩ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૦.૬ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૯૩ ટકા અને હવાનું દબાણ ૧૦૧૫.૧ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૩ કિ.મી.ની ઝડપે ગરમ પવન ફૂંકાઈ રહ્યો છે. નવસારીમાં આજે અધિકતમ તાપમાન ૩૩.૫ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૬.૫ ડીગ્રી નોંધાયું છે. વલસાડમાં આજે અધિકતમ તાપમાન ૩૨.૪ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૬.૬ ડીગ્રી નોંધાયું છે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગામી ચાર પાંચ દિવસ દરમ્યાન આકરા તાપની સાથે ઉનાળાની શરૂઆત થશે.

વરાછા પોલીસ મથક પાછળ એક મહિલાની સોનાની બે ચેઈનની લૂંટ

અછોડાતોડો વધુ એક મહિલાને લૂંટી ગયા

સુરત

શહેરના વરાછા પોલીસ સ્ટેશનની પાછળ આવેલ સાધના સોસાયટી પાસેથી પસાર થઈ રહેલ એક મહિલાના ગળામાંથી બાઈક ઉપર આવેલ એક અજાણ્યા ઈસમે સોનાની બે ચેઈનોની ચીલઝડપ કરી નાસી છુટ્યા હોવાની ફરિયાદ વરાછા પોલીસ મથકે નોંધાવા પામી છે.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ ભાવનગરના વતની હાલ વરાછા પોલીસ સ્ટેશનની પાછળ આવેલ ઘર નં.૭૧, સાધના સોસાયટી ખાતે રહેતા કેતનભાઈ જસમતભાઈ દેવાણી તેમની માતા સાથે રહે છે. જેઓ હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા છે. આજરોજ સવારે તેમની માતા પોણા નવ વાગ્યાના સુમારે પોતાના ઘર પાસેથી પસાર થઈ રહી હતી તે સમય દરમિયાન પાછળથી એક સુઝુકી એક્સેસ મોપેડ ઉપર હેલમેટ પહેરેલીને આવેલ અજાણ્યા ઈસમે કેતનભાઈની માતાના ગળામાં પહેરેલ બે સોનાની ચેઈન આશરે ૩૦ ગ્રામની જેની કિંમત રૂા.૭૫૦૦૦ તથા બીજી ચેઈન આશરે ૨૦ ગ્રામની જેની કિંમત રૂા.૫૦ મળી કુલ રૂા.૧.૨૫ લાખ ઉપરાંતની મત્તાની ચેઈની ચીલઝડપ કરી નાસી છુટ્યો હતો. વરાછા પોલીસ મથકમાં આ બનાવની જાણ કરતાં પોલીસે ઈપીકો કલમ ૩૯૨ મુજબનો ગુનો નોંધી સ્થળ ઉપરથી સીસીટીવી ફુટેજ મેળવવાની તજવીજ શરુ કરી હતી. બનાવની વધુ તપાસ પો.સ.ઈ. એ.જી.સોલંકીએ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.



તા.૨૨ માર્ચે વિશ્વ જળ દિવસ હતો. જળ એજ જીવન છે અને જલ હૈ તો કલ હૈ જેવા સૂત્રો કાયમી રીતે વાંચવા, સાંભળવા મળે છે. અલબત્ત જળનું જતન કરવામાં સૌ કોઈ બેદરકાર છે. ડુંભાલ ટેનામેન્ટ પાસે પાણીની ટાંકી પાછળના ટેનામેન્ટની ગલીમાં પાણીના લાઈન ફાટી જવાના કારણે શુધ્ધ પાણીનો વેડફાટ થઈ રહ્યો હોવાનું આ તસ્વીરમાં નજરે પડે છે.

વેડરોડ પંડોળમાં રત્નકલાકાર આધેડને ચપ્પુના ઘા મારી હત્યા

મૃતક ખોડાભાઈ બાબરીયા પરિવારથી અલગ રહેતા હતા

સુરત

શહેરના કતારગામના પાંડોળ વિસ્તારમાં એક આધેડની નિર્મમ હત્યા કરાયેલો મૃતદેહ મળી આવતા ચોક બજાર પોલીસ દોડતી થઈ ગઈ હતી.

મૃતક ખોડાભાઈ વિરજીભાઈ બાબરીયા (ઉ.વ.આ. ૫૦) રહે વેડ રોડ પડોળમાં બાબા સીતારામ નગરના રહેવાસીની માથામાં પથ્થરના ઘા કરવામાં આવ્યા હતા.ઉપરાંત તેના શરીર ઉપર ચપ્પુના ઘા પણ કરાયા હતા.ખોડાભાઈનું પરિવાર વરાછામાં રહેતું હોવાનું અને ખોડાભાઈ પરિવારથી અલગ રહેતા હોવાનું બહાર આવ્યું છે. ખોડાભાઈ જેરામ મોરાની વાડીમાં રત્નકલાકાર તરીકે કામ કરતા હતા.ખોડાભાઈનું કેટલાક અજાણ્યા ઈસમોએ ચપ્પુના ઘા ઝીકી હત્યા કરી ભાગી જતા પોલીસે નાકાબંધી કરી તમામને ઝડપી પાડવાની દિશામાં તપાસ હાથ ધરી હતી. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ધોળે દિવસે યુવાનની હત્યા પાછળ ઘેરાતું રહસ્ય જાણવા પોલીસે આજુબાજુના લોકોની પૂછપરછ હાથ ધરી છે.

તંત્રી સ્થાનેથી...

પાકિસ્તાન સુધરે તેમ નથી

પુલવામા આત્મઘાતી હુમલા બાદ ભારત દ્વારા તેના વિસ્તારમાં ઘુસીને ત્રાસવાદી અડ્ડાઓને ફુંકી મારવામાં આવ્યા હોવા છતાં પાકિસ્તાન પર કોઈ અસર વધારે દેખાઈ રહી નથી. ભારત દ્વારા સેંકડો ત્રાસવાદીઓને મોતને ઘાટી ઉતારી દેવા અને વૈશ્વિક સમુદાય દ્વારા ત્રાસવાદીઓ સામે નિર્ણાયક કાર્યવાહી કરવાની સતત ધમકી આપવામાં આવી હોવા છતાં પાકિસ્તાન કોઈ પગલા લઈ રહ્યુ નથી. પાકિસ્તાનમાં મસુદ સહિતના ત્રાસવાદી અને અપરાધી હોવા છતાં તમામ ત્રાસવાદીઓ ખુલ્લી રીતે ફરી રહ્યા છે. ત્રાસવાદને લઈને પાકિસ્તાનને ધમકી આપતા આપતા અમેરિકા પોતે થાકી ગયુ છે પરંતુ પાકિસ્તાન પર તેની કોઈ પણ અસર દેખાતી નથી. અમેરિકાએ પાકિસ્તાન પર દબાણ લાવવા માટે તમામ પ્રયોગ અને પોતાની પાસેના તમામ વિકલ્પનો ઉપયોગ કરી લીધો છે પરંતુ તેના પર કોઈ અસર દેખાતી નથી. અમેરિકાએ જંગી સહાય રોકવાની પણ વાત કરી છે પરંતુ તેની અસર પણ દેખાઈ નથી. ભારતના જુદા જુદા ભાગો અને વિશ્વના અન્ય કેટલાક દેશોમાં કરવામાં આવેલા હુમલામાં કોઈને કોઈ રીતે પાકિસ્તાનના કનેક્શન ચોક્કસપણે નિકળે છે.પાકિસ્તાનમાં મસુદ અઝહર, હાફિઝ સઈદ સહિતના ખતરનાક ત્રાસવાદીઓ જાહેરમાં ફરી રહ્યા છે પરંતુ પાકિસ્તાન કોઈ પગલા લેવાની હિમ્મત કરી શકતુ નથી. ભારતમાં પુલવામા, ઉરી ત્રાસવાદી હુમલા, અમરનાથ શ્રદ્ધાળુઓ પર હુમલા, સેનાના કેમ્પ પર વારંવાર હુમલા, પઠાણકોટ, સીઆરપીએફના કાફલામાં ભીષણ ત્રાસવાદી હુમલામાં પાકિસ્તાન સ્થિત સંગઠનની સંડોવણી ખુલ્યા બાદ અમેરિકાએ અનેક વખત પાકિસ્તાનને કઠોર કાર્યવાહી કરવા સુચના આપી છે પરંતુ તેના પર હજુ કોઈ અસર દેખાઈ રહી નથી. વિશ્વનુ દબાણ પર કામ કરી રહ્યુ નથી. નવેસરના અમેરિકી રિપોર્ટમાં આ જ બાબત સપાટી પર આવે છે જેમાં જાણી શકાય છે કે આતંકવાદની સામે પાકિસ્તાન દેખાવા પૂરતી લડાઈ લડી રહ્યુ છે. એટલે કે એવા જ આતંકવાદી સંગઠનોની સામે કાર્યવાહી કરી રહ્યુ છે જે તેના માટે ખતરા સમાન બની ગયા છે. લશ્કરે તોયબા જેવા સંગઠનોની સામે કાર્યવાહી તો દૂરની રહી પરંતુ તે તેમને મદદ પણ કરી રહ્યુ છે. રિપોર્ટમાં આ વાતની પણ કબૂલાત કરવામાં આવી છે કે ભારત લાંબા સમયથી આતંકવાદનો શિકાર રહ્યુ છે. સૌથી મોટી ચિંતા આ વાતની છે કે પાકિસ્તાન અને તેના જેવા અનેક દેશો આતંકવાદની સામે લડાઈનું નાટક કરીને સાથે સાથે મદદ પણ કરી રહ્યા છે. આતંકવાદીઓની મદદ કરવામાં પણ આ દેશો પાછળ રહ્યા નથી. પાકિસ્તાનની સામે થનાર ત્રાસવાદ તો દેખાય છે પરંતુ બીજા દેશોમાં હુમલા કરનાર ત્રાસવાદી સંગઠનો દેખાતા નથી. પાકિસ્તાન અને તેના જેવા બીજા દેશોને સમજવું જોઈએ કે બે દૃષ્ટિકોણથી નિહાળીને ત્રાસવાદને ખતમ કરવાની બાબત અશક્ય છે. ઈતિહાસ સાક્ષી છે કે પાકિસ્તાને ભારતની સામે જે આંતકવાદી સંગઠનોને જન્મ આપવામાં ભૂમિકા ભજવી છે તે પૈકી કેટલાક સંગઠન પાકિસ્તાનના પણ દુશ્મન બની ગાય છે. પોતાની ભૂલની કિંમત પાકિસ્તાન પોતે પણ ચૂકવી રહ્યુ છે અને આગળ પણ પાકિસ્તાનને આની કિંમત ચૂકવવી પડશે.

ત્રાસવાદીઓની વિરુદ્ધ કાર્યવાહી કરવાનુ દબાણ હોવા છતાં પાક બિલકુલ નિષ્ક્રિય

મસુદ મુદ્દે ચીનને બદનામી

જમ્મુ કાશ્મીરના પુલવામા ખાતે સીઆરપીએફના કાફલા પર કરવામા આવેલા આત્મઘાતી હુમલા માટેની જવાબદારી સ્વીકારનાર જેશે મોહમ્મદના ત્રાસવાદી લીડર મૌલાના મસુદ અઝહરના મામલે ચીનની ઈજ્જિત સમગ્ર દુનિયામાં ખરાબ થઈ છે. મસુદને વૈશ્વિક ત્રાસવાદી જાહેર થતા વીટોનો ઉપયોગ કરીને ચને બચાવી લીધો છે પરંતુ તેની છાપ દુનિયામાં ખરડાઈ છે. ચીનના વર્તનની વિશ્વભરમાં ટિકા થઈ રહી છે. મસુદન વૈશ્વિક ત્રાસવાદી જાહેર કરવાને લઈને ચીને ભારતની સામે હમેંશા અડચણો ઉભી કરી છે. ચીનની વૈશ્વિક સ્તર પર ટિકા થઈ રહી છે. ત્રાસવાદના મુદ્દા પર તેના ખતરનાક ઈરાદા વિશ્વ સમક્ષ ઉજાગર થઈ ગયા છે. ફ્રાન્સે લાલ આંખ કરી દેતા અમેરિકાન પણ કઠોર વલણ અપનાવવાની જરૂર પડી છે. જાણકાર લોકોનુ કહેવુ છેકે જે રીતે વર્તમાન મોદી સરકારે આતંકવાદના મુદ્દા પર અતિ કઠોર વલણ અપનાવ્યુ છે જે જોતા આગામી દિવસોમાં ચીનની સામે પણ દબાણ વધી શકેછે. ચીનેછેલ્લા કેટલાક વર્ષોમાં મસુદને સતત બચાવીને પાકિસ્તાનન પરોક્ષ રીતે મદદ કરી છે. સાથે સાથે ત્રાસવાદની પણ એક રીતે તો મદદ કરી છે.મસુદને પકડીને સજા કરવા માટે વૈશ્વિક નેતાઓ માંગ કરી રહ્યા છે ત્યારે ચીને હજુ સુધી આ મામલે હજુ ઉદાસીન વલણ અપનાવ્યુ છે. ચીનની સામે વૈશ્વિક સ્તર પર દબાણ લાવવામાં આવે તે જરૂરી છે. વિતેલા વર્ષોમાં પણ મસુદની અનેક હુમલામાં સીડી સંડોવણી રહી છેછતાં પાકિસ્તાને કોઈ કાર્યવાહી કરી નથી. દુનિયાના દેશો પણ અપેક્ષા કરતા વધારે કઠોર વલણ અપનાવે તે જરૂરી છે. ચીનને આથિક રીતે કમજોર કરવાની રણનિતી દુરગામી પરિણામ આપી શકેછે. વિશ્વભરમાં ટિકા થયા બાદ ચીને હવે દરરોજ નવા નવા ખુલાસા કરવાની શરૂઆત કરી દીધી છે.

લોકસભા ચૂંટણી : અડવાણી સહિત અનેકને તો ટિકિટ મળી નથી...

કેટલાક દિગ્ગજોની છેલ્લી ઈનિંગ્સ

વર્ષ ૨૦૧૯માં યોજનાર લોકસભા ચૂંટણી અનેક મોટી વયના ઉમેદવાર અને મોટા માથા માટે નિર્ણાયક બનનાર છે. અનેક દિગ્ગજો માટે આ ચૂંટણી અંતિમ ચૂંટણી બની રહેનાર છે. લોકસભા ચૂંટણી અનેક રાજકીય નતાઓની છેલ્લી ચૂંટણી માટે સાક્ષી બનનાર છે. કેટલાક એવા નેતા જે ગઈકાલ સુધી ભારતીય રાજનીતિમાં છવાયેલા રહ્યા હતા તે આજે વયના એવા સ્તર પર પહોંચી ગયા છે જ્યાં આગામી ચૂંટણી તો લડવાની બાબત તો દુરની છે આ નેતાઓ કોઈ ભૂમિકા પણ અદા કરવા માટે હવે સક્ષમ નથી. જો કે આ ચૂંટણીમાં પણ કેટલાક અંશે તેમની છાપ તો ચોક્કસપણે દેખાનાર છે. આરોગ્ય અને અન્ય કારણોસર આ નેતાઓ પરદા પાછળથી જ ભૂમિકા અદા કરવા માટે મજબુર છે. હવે રાજનીતિમાં એક પેઢી ધીમે ધીમે બહાર આવી રહી છે અને એક પેઢી બહાર થઈ રહી છે. ભાજપના પિતામહ ગણાતા લાલકૃષ્ણ અડવાણીને ટિકિટ મળી નથી. જેથી તેમની રાજકીય કારકિર્દી પણ પૂર્ણ થવાના આરે પહોંચી ગઈ છે. મુરલી મનોહર જોશીને પણ ટિકિટ આપવામાં આવી નથી. કેટલાક એવા નેતા છે જેમને જો ટિકિટ મળી જશે તો પણ તેમની ચૂંટણી છેલ્લી ચૂંટણી રહેનાર છે. જેમાં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રના દિગ્ગજ નેતા શરદ પવાર પણ ચૂંટણી ન લડવાની જાહેરાત કરી ચુક્યા છે. તેમની પુત્રી સુપ્રિયા હવે મેદાનમાં છે. પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પણ રાજકીય રીતે પાછળ જતા રહ્યા છે. જમ્મુ કાશ્મીરના ફારૂક અબ્દુલ્લા હાલમાં પ્રમાણમાં સારી સ્થિતીમાં છે. તેઓ ૮૦ ઉપર થયા હોવા છતાં શ્રીનગરમાંથી ચૂંટણી મેદાનમાં છે. સમાજવાદી પાર્ટી નેતા



મોટી વયના લોકો આરોગ્ય સહિતના કેટલાક કારણોસર દુર થઈ ગયા છે : મનમોહનસિંહ સહિતના નેતાઓને લઈને હજુ પણ ભારે સસ્પેન્સ

મુલાયમ સિંહ હવે મુશ્કેલમાં છે. રાજકીય વિરાસતમાં તેઓ મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે. મુલાયમ પણ ચૂંટણી લડી રહ્યા છે પરંતુ તેમની પાર્ટી પર હવે કોઈ પક્કડ નથી. અખિલેશ યાદવ દ્વારા તમામ નિર્ણય કરવામાં આવી રહ્યા છે. મુલાયમની સ્થિતી પણ નિવૃતિ જેવી રહેલી છે. લાલુ યાદવ ઘાસચારા કૌભાંડમાં જેલમાં છે. ૭૦ વર્ષીય લાલુ યાદવ હાલમાં બિમાર છે. અંદાજ એવો છે કે તેમની સામે કેસો એટલા બધા છે કે તેઓ ચૂંટણી મેદાનમાં ઉતરવાની સ્થિતીમાં નથી. તેમના પુત્ર તેજસ્વી યાદવ પાર્ટીની જવાબદારી સંભાળી ચુક્યા છે. કાલરાજ મિશ્રા ચૂંટણી લડવાથી ખસી ગયા છે. શાંતા કુમાર, ભગતસિંહ અબુ હસન જેવા નેતાઓની પણ છેલ્લી ચૂંટણી થનાર છે.કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી તરફથી એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી હતી કે કેટલાક એવા નામ જે વર્ષ ૨૦૧૪માં દેખાયા હતા તે વર્ષ ૨૦૧૯ની ચૂંટણીમાં નજરે પડશે નહીં. જો કે છેલ્લી ઘડીએ આવા ચહેરા દેખાવવા લાગી ગયા છે. આમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી તેમના પરંપરાગત મતવિસ્તાર રાયબરેલીમાંથી ફરી મેદાનમાં છે. તેમની સાથે મુલાયમ સિંહ યાદવ ચૂંટણી મેદાનમાં છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા એકે એન્ટોની પણ આ વખતે ચૂંટણી મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે. ૭૫ વર્ષથી ઉપર પહોંચી ચુકેલા કેટલાક નેતાઓને તો પાર્ટી જ બહાર કરી ચુકી છે. જો ૭૫ વર્ષથી ઉપરના ઉમેદવારને ટિકિટ ન આપવાના મુદ્દા પર પાર્ટી આગળ વધશે તો કેટલાક ચહેરા તો પોતાની રીતે જ બહાર થઈ જશે. મુરલી મનોહર જોશી, અડવાણી સહિતના કેટલાક નેતાઓ મોટી વયમાં પણ સક્રિય થયેલા છે. શરદ પવાર પણ હજુ સુધી સક્રિય છે.સુષ્મા સ્વરાજ પણ આરોગ્યના કારણે પરેશાન રહ્યા છે. જેથી હવે તેઓ પણ મેદાનમાં રહેનાર નથી. મોટી વય થઈ હોવા છતાં કેટલાક નેતાઓ તો આજે પણ પોત પોતાના વિસ્તારમાં લોકપ્રિયતા ધરાવે છે પરંતુ તેમની વય અડચણો ઉભી કરી શકે છે. આ નેતાઓ તેમની વયના કારણે આ દિગ્ગજો હવે લાચાર દેખાઈ રહ્યા છે. બે ડઝનથી વધારે નેતાઓ આ વખતે ચૂંટણી મેદાનમાં ઉતરી રહ્યા નથી. જેમાં ભાજપના પીઢ નેતા લાલકૃષ્ણ અડવાણી, સુષ્મા સ્વરા, કાલરાજ મિશ્રાનો સમાવેશ થાય છે. સુમિત્રા મહાજન પણ યાદીમાં સામેલ છે પરંતુ તેઓ મેદાનમાં ઉતરશે કે કેમ તે અંગે હજુ નામની જાહેરાત કરવામાં આવી નથી. વર્ષ ૨૦૧૪ની ચૂંટણીનીની વાત કરવામાં આવે તો એ વખતે ૯.૬ ટકા સાંસદોની વય ૭૦ વર્ષથી વધારેની રહી હતી.

હમેંશા ઉદાસીનતા અને ચિંતાનો અનુભવ થાય છે કારણ કે....

સ્માર્ટફોન એડિક્શન ખુબ અયોગ્ય

સ્માર્ટફોનનો જરૂર કરતા વધારે ઉપયોગ ખરાબ આદત અથવા તો ટેવ સમાન છે. જેલોકો ફોનનો વધારે ઉપયોગ કરે છે તે પોતાને ખુબ અલગ અલગ અનુભવ કરે છે. આવા લોકો પોતાને એકલા અનુભવ કરે છે. સાથે સાથે સમગ્ર દિવસ દરમિયાન હમેંશા ઉદાસીન અને ચિંતિત દેખાય છે. હાલમાં જ કરવામાં આવેલા એક વ્યાપક અભ્યાસમાં આ બાબત ઉભરીને સપાટી પર આવી છે. અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે જે લોકો સ્માર્ટફોનનો વધારે ઉપયોગ કરે છે તે સતત સારી ગતિવિધી વચ્ચે ફોનમાં ખોવાઈ જાય છે અને કેટલાક કામો બગાડી કાઢે છે. આ લોકો પોતાના ખાસ કામ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી. સ્માર્ટ ફોનની ટેવ અમને માનસિક રીતે થકવી નાંખે છે. અમને આરામ કરવા દેતી નથી. જેથી ફોનનો યોગ્ય અને સમય મુજબ ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. હાર્ટ કેયર ફાઉન્ડેશનના અધ્યક્ષ ડોક્ટર કેકે અગ્રવાલ કહી ચુક્યા છે કે અમારા ફોન અને કોમ્પ્યુટર પર આવનાર નોટિફિકેશન, કંપન અને અન્ય જુદા જુદા પ્રકારના એલર્ટ અમને સતત સ્ક્રીન પર ધ્યાન કેન્દ્રિત કરવાની ફરજ પાડે છે. શોધમાં કહેવામાં આવ્યુ છે કે આ એલર્ટનિસ કેટલાક અંશે એવી છે જે પ્રતિક્રિયાની સમાન છે. કોઈ ખતરા અથવા તો હુમલા પહેલા જે રીતે અમે એલર્ટ રહીએ છીએ તેવો અનુભવ તે કરાવે છે. આનો અર્થ એ થયો કે અમારા દિલોદિમાગ તેમાં ગુમ રહે છે. જે મગજના આરોગ્યની પ્રણાલી મુજબ નથી. અમે સતત એ ગતિવિધીની શોધ કરતા રહીએ છીએ જે મળતી નથી. તેની ગેરહાજરીથી બેચેની રહે છે. એકલાપણાનો અનુભવ થયા છે. ડોક્ટર અગ્રવાલ કહે છે કે જો



સ્માર્ટફોનની ટેવ એકલાપણાનો અનુભવ કરાવે છે : સ્માર્ટ ફોનની ટેવ છોડવાની બાબત કોઈ અશક્ય નથી : મજબુત ઈચ્છાશક્તિ જરૂરી

અમને ૩૦ મિનિટ સુધી કોઈ કોલ મળતા નથી તો ચિંતા સતાવવા લાગી જાય છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે આશરે ૩૦ ટકા લોકોમાં આ સમસ્યા જોઈ શકાય છે. ફેન્ટમ રિંગિંગ ૨૦થી ૩૦ ટકા મોબાઈલ ઉપયોગ કરનાર લોકોમાં રહે છે. આનો અર્થ એ થાય છે કે આપને એવો અનુભવ થાય છે કે મોબાઈલની રિંગ વાગી રહી છે. જેથી તેને વારંવાર ચેક કરે છે. જ્યારે આવુ ખરેખર હોતુ નથી. મોબાઈલ વધારે પ્રમાણમાં ઉપયોગ કરનાર બાળકો સામાન્ય રીતે મોડેથી ઉઠે છે. સાથે સાથે સ્કુલ જવા માટે તૈયાર થતા નથી. સરેરાશ લોગ ઉંઘી જતા પહેલા સ્માર્ટફોનની સાથે ૨૦થી ૩૦ મિનિટનો સમય ગાળે છે. અભ્યાસમાં એવી બાબત પણ ઉભરીને સપાટી પર આવી છે કે સોશિયલ મિડિયાની ટેકનોલોજીની ટેવ ખતરનાક બની રહી છે. તેની નકારાત્મક અસર થઈ રહી છે. આના કારણે થનાર સંચારની સ્થિતી પણ સારી રહેતી નથી. ગેજેટ્સના માધ્યમથી માહિતી મેળવી લેવાની ટેવના કારણે દિમાગના ગ્રે મેટરમાં કમી આવે છે. સ્માર્ટ ફોનની જો ટેવ પડેલી છે તો તેને છોડી પણ શકાય છે. આના માટે સૌથી પહેલા ઉંઘી જતા પહેલા ૩૦ મિનિટ પહેલા જ ફોન બંધ કરી દેવા જોઈએ. દરેક ત્રણ મહિનામાં સાત દિવસ માટે ફેસબુક પરથી રજા લેવામાં આવે તે પણ જરૂરી છે. સપ્તાહમાં એક વખત સમગ્ર દિવસ દરમિયાન સોશિયલ મિડિયાનો ઉપયોગ કરવાથી દુર રહેવામાં આવે તે પણ જરૂરી છે. મોબાઈલ ફોનનો ઉપયોગ માત્ર જરૂરી વાત કરવા માટે કરવામાં આવે તે પણ સુચન છે. દિવસમાં ત્રણ કલાકથી વધારે સમય સુધી કોમ્પ્યુટરનો ઉપયોગ કરવામાં ન આવે તે જરૂરી છે. મોબાઈલ ટોક ટાઈમને પણ દિવસમાં બે કલાક સુધી મર્યાદિત કરવામાં આવે તે જરૂરી છે. દિવસમાં એકથી વધારે વખત મોબાઈલ ફોનની બેટરી ચાર્જ કરવી જોઈએ નહીં. મોબાઈલથી થઈ રહેલા નુકસાન અંગે વિતેલા વર્ષોમાં પણ કેટલાક અભ્યાસના તારણ જારી કરવામાં આવી ચુક્યા છે. મોબાઈલનો ઉપયોગ આધુનિક સમયમાં વધી રહ્યો છે ત્યારે આ પ્રકારના અભ્યાસના તારણ ઉપયોગી સાબિત થઈ શકે છે.

ભારતીય કન્ઝ્યુમર માર્કેટનુ કદ ૧૧૦ લાખ કરોડનુ છે જેથી...

ચીન પર આર્થિક દબાણ જરૂરી

જે રીતે ચીને ફરી એકવાર કુખ્યાત ત્રાસવાદી અને જેશે મોહમ્મદના લીડર મસુદ અઝહરને વૈશ્વિક ત્રાસવાદી જાહેર કરવા માટે ભારત સહિતના દેશોની પહેલ પર વીટોનો ઉપયોગ કરીને અડચણો ઉભી કરી છે તેના કારણે તેના ખતરનાક ઈરાદા જાહેર થઈ ગયા છે. ચીનના આ પ્રકારના વર્તનના કારણે દુનિયાભરના દેશોમાં ચીનની ટિકા થઈ રહી છે. અમેરિકા સહિતના દેશો ભારતની સાથે રહીને ચીનના વર્તનની સામે નારાજગી વ્યક્ત કરી ચુક્યા છે. ફ્રાન્સ સહિતના કેટલાક દેશોએ તો કાર્યવાહી કરીને મસુદની સંપત્તિ જપ્ત પણ કરી લીધી છે. જે રીતે ચીને ફરી એકવાર મસુદને વૈશ્વિક ત્રાસવાદી જાહેર કરવાના સંકટમાંથી બચાવી લીધો છે તે જોતા હવે ભારતને ચીનને મુશ્કેલમાં મુકવા અને તેના પણ દબાણ લાવવા માટે અલગ રણનિતી અપનાવવી પડશે. ચીનને લાઈન પર લાવવા માટે પણ ભારતની પાસે વિકલ્પ છે. જેમાં સૌથી અસરકારક વિકલ્પ તો ચીન પર આર્થિક દબાણ લાવવા માટેનો છે. ભારતીય કન્ઝ્યુમર માર્કેટનુ કદ ૧૧૦ લાખ કરોડની આસપાસનુ છે. ભારતીય બજાર દુનિયામાં સૌથી ઝડપથી વિકસિત પામનાર અને આગળ વધનાર બજાર તરીકે છે. જો ભારત આવી સ્થિતીમાં ચીનની ચીજવસ્તુઓ પર બ્રેક મુકે છે તો ચીન માટે મોટા પડકાર ઉભા થઈ શકે છે. તેના આર્થિક માહોલને માઠી અસર થઈ શકે છે. ચીન પર દબાણ લાવવા માટે ભારતને કેટલાક અન્ય પગલા પણ લેવા પડશે. જેના ભાગરૂપે ચીનની સાથે વેપાર અસમતુલા પણ કમ કરી દેવાની જરૂર છે. વિશ્વ બેંકની રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભારત, ચીન અને પશ્ચિમી દેશોને પછડાટ આપીને હવે દુનિયાના નવા કારખાના તરીકે ભારત

ત્રાસવાદના મુદ્દા પર ભારતને સાથ નહીં આપનાર ચીન પર આર્થિક દબાણની રણનિતી અપનાવીને તેને મુશ્કેલીમાં મુકી શકાય છે

ઉભરી શકે છે. ચીનમાં આવેલી આર્થિક સુસ્તી અને યુવા કાર્યશેલી વસ્તીની કમીના કારણે ચીનમાં રોકાણ ઘટી રહ્યુ છે. કારણ કે ઔદ્યોગિક ઉત્પાદનમાં મુશ્કેલી વધી રહી છે. ચીનને આર્થિક પડકાર ફેંકવા જરૂરી એ પણ છે કે ભારત સરકાર તેના મુળભુત માળખાને વધારે મજબુત કરે. ભારતીય નિકાસકારોને પ્રોત્સાહન આપવાની જરૂર છે. ચીને મસુદના મામલે ચોથી વખત અડચણો ઉભી કરી છે. ચીન દ્વારા વારંવાર ભારતને ત્રાસવાદના મુદ્દે હેરાન કરીને મુશ્કેલીમાં મુકવાના પ્રયાસ કરવામાં આવે છે. ચને ચોથી વખત મસુદના મામલે અડચણો ઉભી કરી છે. ચીને વારંવાર કમનસીબ વલણ અપનાવ્યુ છે. આ મુદ્દાને હવે સરકારને દરેક સ્તર પર એક પડકાર તરીકે સ્વીકાર કરવાની જરૂર છે. આવી સ્થિતીમાં દેશના કરોડો લોકો એકબાજુ ચીની વસ્તુઓના વિરોધની નીતિ પર આગળ વધી શકે છે. બીજી બાજુ સરકારને પણ ચીનનો મુકાબલો કરવા માટે આર્થિક રણનિતી અમલી કરવાની જરૂર દેખાઈ રહી છે. ચીનની અર્થવ્યવસ્થા ૧૧૫ ખર્વ ડોલરની આસપાસની છે. જ્યારે ભારતની અર્થવ્યવસ્થા ૨૩ ખર્વ ડોલરની આસપાસની છે. એટલે કે ચીનની અર્થવ્યવસ્થા ભારતીય અર્થવ્યવસ્થા કરતા પાંચ ગણી વધારે છે. સાથે સાથે ચીનની પાસે ભારત કરતા વધારે સૈન્ય તાકાત પણ છે. જો કે હવે ભારતની પાસે કેટલાક એવા ઉજ્જવળ પાસા છે જેના આધાર પર ભારત ચીનને મુશ્કેલમાં મુકી શક છે. જેના આધાર પર ચીનને મુશ્કેલીમાં મુકી શકેછ. ભારતીય કન્ઝ્યુમર માર્કેટ વગર ચીનને ચાલે તેમ નથી. આવી સ્થિતીમાં ભારત ચીન પર દબાણ લાવી શકે છે. હાલના સમયમાં ભારતીય કન્ઝ્યુમર માર્કેટ ૧૧૦ લાખ કરોડ રૂપિયાના સ્તર પર પહોંચી ગયુ છે. ભારતીય બજાર દુનિયામાં સૌથી તેજ ગતિથી વધનાર માર્કેટ તરીકે છે. જો ભારત ચીનની વસ્તુઓ પર બ્રેક મુકે છે તો તેના માટે મુશ્કેલી થઈ શકે છે. ભારતના કેટલાક ઉદ્યોગો પણ ચીન પર આધારિત છે. દુનિયામાં સૌથી વધારે ચાઈનીઝ મોબાઈલ ભારતમાં જ વેચાય છે. આવા કોઈ પણ પગલાના કારણે ચીનની ચિંતા વધી શકે છે. ચીન સામે પણ દબાણની રણનિતી હવે અપનાવવાની જરૂર છે. વૈશ્વિક દેશો ભારતની સાથે દેખાઈ રહ્યા છે ત્યારે ચીન મામલે પણ આક્રમક રણનિતી અપનાવવાની જરૂર છે. ચીન સાથે વેપાર અસમતુલાને કમ કરવાની દિશામાં પણ જોરદાર રીતે આગળ વધવાની જરૂર છે. વર્ષ ૨૦૧૪ બાદ ભારતીય વેપાર ખાદ્ય સતત વધી રહી છે.

ભારતમાંથી ચીનમાં કરવામાં આવેલી નિકાસ ઘટી રહી છે અને આયાતમાં વધારો થઈ રહ્યો છે. જેથી આવી સ્થિતી પર બ્રેક નમુકવાની જરૂર દેખાઈ રહી છે. નવેસરના આંકડા મુજબ ભારત-ચીન વચ્ચે દ્વિપક્ષીય વેપારનો આંકડો ૮૫ અબજ ડોલરની આસપાસનો રહ્યો છે. ભારત ચીનમાંથી ૬૮ અબજ ડોલરની ચીજવસ્તુઓની આયાત કરે છે. જે ખુબ મોટો આંકડો છે. નિકાસ ૧૭ અબજ ડોલરની આસપાસ છે. જે નાનો આંકડો છે.

Sweet's Corner
+91 7567618956
+91 7043563111
Homemade Classic & Gourmet Flavour's | Cup Cakes
Flour Less Designer Cakes | Muffins | Chocolates | Donuts
Cookies Macaroons Creation For Your Special Occasions.
AA/18 Rajlaxmi Bungalows, Opp Ayyappa Temple, Zadeshwar Road, Bharuch

SUBJECT Account & Statistics
For std
11th & 12th
પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના કુબેરનગર -૧ વિસ્તારની ગાંગોત્રી સોસાયટીમાં રહેતા કાલુભાઈ હિમ્મતભાઈ બલરની માલિકીનું નવસારી રૂરલના આરક સિસોદરા ગામની સીમમાં ફાર્મ હાઉસ આવેલું છે. જેની ચારે બાજુ પતરાના શેડની મદદથી ગ્રીનેટ તથા નાળીયેરી અને ખજુરીના ઝાંખરાની દીવાલ જેવુ બનાવી બંધ શેડમાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યાં હોવાની બાતમીના આધારે નવસારી પોલીસે સ્થળ ઉપર ગતરોજ રાત્રીના સુમારે દરોડો પાડ્યો હતો. જેને પગલે સ્થળ ઉપર જુગાર રમી રહેલા જુગારીઓમા નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે સ્થળ ઉપરથી ૧૨ જેટલા જુગારીઓને ઝડપી પાડ્યા હતા. ઉપરાંત સ્થળ ઉપરથી સાત મોટર સાઈકલો સહિત કુલ રૂા.૯.૯૧ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસે ફાર્મ હાઉસના માલિક કાલુભાઈ હિમ્મતભાઈ બલર તથા અમરસિંહ ભગવાનભાઈ સેજલ સહિતનાઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પી.આઈ એલ.કે.પઠાણના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ કે.કે.સુરતીએ આ કામગીરી પૂર્ણ કરી હતી.

ચૂંટણીમાં ઉપયોગમાં લેવાતા વાહનોની નોંધણી કરાવી લેવી

સુરત

સુરત,બુધવાર- ભારતના ચૂંટણી આયોગ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ નો કાર્યક્રમ જાહેર થયો છે. જેને અનુલક્ષીને સુરત જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એસ.ડી.વસાવાએ એક જાહેરનામું બહાર પાડ્યું છે.

જાહેરનામાં અનુસાર સુરત જિલ્લાના વિસ્તારોમાં કોઈ પણ રાજકીય પક્ષના ઉમેદવાર કે કાર્યકરો પોતાના પક્ષના ચૂંટણી પ્રચાર માટે વાહનનો ઉપયોગ જે તે મતવિસ્તારના ચૂંટણી અધિકારી પાસે વાહનની નોંધણી કર્યા સિવાય અને પરવાનગી લીધા સિવાય કરી શકશે નહીં. આ ઉપરાંત ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાયેલા વાહન ઉપર વિન્ડ સ્ક્રીન ઉપર પરમીટ લગાડયા સિવાય વાહનનો ઉપયોગ કરી શકશે નહીં. જ્યારે પરવાનગી સિવાય લાઉડસ્પીકરથી ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ જાહેરનામું તા.૨૭/૦૫/૨૦૧૯ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

પુણાગામે જમીન વિવાદમાં ૫૦ લોકોના ટોળાનો હુમલો

સુરત

પુણાગામમાં જમીનના વિવાદમાં પચાસેક વ્યક્તિના ટોળાએ તોફાન મચાવી સિક્યુરિટી ગાર્ડને માર મારી જમીનમાં મુકાયેલી ખુરશી, બોર્ડને આગ ચાંપી કંપાઉન્ડ વોલની દિવાલ તોડી નાંખ્યાના બનાવ અંગે સરથાણા પોલીસે રાયોટિંગનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પુણાગામ માનસરોવર સોસાયટી વિભાગ-૪ સર્વે નં.૨૨૭ બ્લોક નં.૨૫૦ વાળી મિલ્કતમાં આરોપી રાજુ ભાલાળા તથા પચાસ જેટલા સ્ત્રી પુરૂષ ઘુસી જઈ ફરિયાદી ગાર્ડ અક્ષયકુમાર શ્રીબચ્ચા પાંડે સહિતના ઉપર લાકડાના ફટકાથી હુમલો કરી ઈજા પહોંચાડી સિક્યુરિટી ગાર્ડના ખિસ્સામાંથી રૂા.૩૬૦૦૦ કાઢી લઈ ચાર ખુરશી, બોડર્ને સળગાવી દઈ દિવાલ તોડી નાંખી નુકસાન પહોંચાડ્યું હતું. ફરિયાદી અક્ષયકુમારે આપેલી ફરિયાદમાં આરોપીઓનો ફરિયાદીના શેઠ સાતે જમીનનો વિવાદ ચાલી રહ્યો છે. જેની અદાવતમાં આ હુમલો કર્યો હતો. સરથાણા પોલીસે રાયોટિંગનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

અંભેરી જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ અંગે સૂચના

વલસાડ

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના અંભેટી ખાતેના જવાહર નવોદય વિદ્યાલય અંભેટીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે ધોરણ ૬માં પ્રવેશ મેળવવા અરજી કરી હોય તેવા વિદ્યાર્થીઓ પરીક્ષા માટેના પ્રવેશપત્રો www.navodaya.gov.in અથવા www.nvsadmissionclasssix.in વેબસાઈટ ઉપરથી ઓનલાઈન ડાઉનલોડ કરી શકશે. પ્રવેશપરીક્ષા તા.૬/૪/૧૯ના રોજ સવારે ૧૧-૧૫ કલાકે લેવાશે. પ્રવેશપત્ર ડાઉનલોડ કરવામાં મુશ્કેલી જણાય તો જવાહર નવોદય વિદ્યાલય અંભેટીનો રૂબરૂ સંપર્ક સાધવા જણાવાયું છે.

TEXMO
Aqua Group
TEXMO
AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

સૌથી સસ્તી વિમાન યાત્રા
પ્રયોશા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ™
Ahmedabad : 8140194500, M.: 8140194200, Ph.: 079-40056857
Anand-8154947344, 7046301797, Mehsana-8849788935
સ્પે.કેરાલા
કોચીન, મુન્નાર, થેકડી, એલપ્પી, ત્રિવેન્દ્રમ, કોવાલ્લમ બીચ
AC Delux Hotel • AC 2 x 2 Volvo Bus
રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા પ્લેન
દિવસ-૮ ₹ 24500/-PP
દિલ્હી-અક્ષરધામ
હરીદ્વાર, ઋષીકેશ, મસૂરી, દહેરાદુન, ગોકુળ, મથુરા, વૃંદાવન, આગ્રા
રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન
દિવસ-૬ ₹ 9000/-PP
નેપાળ-કાઠમંડુ
પોખરા, બનારસ, મનોકામનાદેવી, સારનાથ, અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, ગોરખપુર
AC Bus • રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન
દિવસ-૯ ₹ 14800/-PP
સ્પે.હનીમુન ટુર
દિલ્હી–અક્ષરધામ, દિલ્હી દર્શન, પીંજોરગાર્ડન, સીમલા, કુફરી, કુલુ, મનાલી, રોહતાંગ, ડેલહાઉસી, ખજીયાર, વાઘા બોર્ડર, અમૃતસર
Non AC Bus
રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન
દિવસ-૯ ₹ 17200/-PP
બેંગ્લોર, મૈસુર, ઉટી, કોડાઇકેનાલ, મદુરાઇ, કન્યાકુમારી, પદમનાભમ મંદિર, ત્રિવેન્દ્રમ–કેરાલા, રામેશ્વરમ્, શ્રીરંગમ, મહાબળીપૂરમ, શિવકાંચી, પોંડીચેરી, તીરૂપતી બાલાજી
AC 2x2 પુશ બેક બસ • રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા પ્લેન
દિવસ-૧૨ ₹ 23500/-PP
ઉપરના બધાજ પેકેજમાં 5% GST Extra
prayoshatoursandtravels@gmail.com
Prayosha trip

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે
મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
ઉભરાટ બીચ - નવસારી
www.modiresorts.com
સ્કુલ, ગૃપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
Ph.: 99250 08830
97272 56004

EXCLUSIVE BRANDED BEDSHEETS
• સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
• વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
• લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
• સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
• લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
• સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
• લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
• એકસકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
• હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
• શેતરંજી • આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકૂંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

Dr. Hetal's Advanced Dentistree
Since 2000
Dr. Hetal Tamakuwala
B.D.S. (B.J.Medical, Ahmedabad) - 2000
Basic Implantology Course - 2017
Advance Implantology Course - 2018
Now BIGGER & BETTER
DENTAL IMPLANT
CROWN & BRIDGE
ORTHODONTIC TREATMENT
FAMILY CHECK UP FOR ₹500/- + BRUSH 2+2
ROOT CANAL TREATMENT
TOOTH EXTRACTION
PEDIATRIC TREATMENT
ASETHETIC DENTISTRY
VENEERS
LIGHT CURE FILLINGS
222, Marvella Business Hub, Opp. R.T.O. Office, Pal, Surat.
81549 30063 | Time : 9.00 am to 1.00 pm & 4.00 pm to 8.00 pm

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો
100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઇડ ૪ વર્ષની વોરંટી*
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.
અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
• ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
• લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
• ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
• રીચાર્જેબલ હીયરીંગ એઈડ
• જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરતઃ એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરતઃ મો. 75670 00800
અડાજણઃ યુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270






ગત બુધવારે રાત્રે હોળીકાદહન પર્વ બાદ સુરત શહેરમાં ધૂળેટી પર્વની રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી ધૂળેટી પર્વમાં બાળકોથી લઈને વયસ્ક નાગરીકો પણ વિવિધ રંગોથી રંગાયા હતા અને મન ભરીને રંગ પર્વ માણ્યો હતો. સુરત શહેરમાં ઠેર-ઠેર ધૂળેટી ઉત્સવ તથા સ્નેહમિલન સમારંભોના આયોજનોમાં લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને એકબીજાને રંગીને તહેવારને ઉલ્લાસભેર મોકળા મને માણ્યો હતો. ક્યાંક રેઈન ડાન્સ તો કોઈક સ્થળે કિચડમાં ધૂળેટી રમવાના આયોજનો ગોઠવાયા હતા. કોઈક સ્થળે તિલક ધૂળેટી તો કોઈક જગ્યાએ ફુલોની હોળી-ધૂળેટી યોજાઈ હતી. હોળી-ધૂળેટી પર્વમાં ઘેલા બનેલા આબાલ વૃદ્ધો ઉપરોક્ત તસ્વીરોમાં નજરે પડે છે.

નદીમાં ન્હાવા પડેલા આર્મી જવાનનું ડૂબી જતા મોત નીપજ્યું

નવસારી

એક તરફ ગુજરાત સહિત આખો દેશ હોળીના રંગમાં રંગાયો હતો અને એક બીજાને રંગ લગાવીને ખુશીઓની વહેચણી થતી હતી. ત્યારે બીજી તરફ નવસારીમાં નદી કિનારે ન્હાવા પડેલા આર્મી જવાનના મોતના સમાચાર સાંભળીને બારી પરિવારમાં માતમ છવાયો હતો. આર્મી જવાન ગણદેવીના મટવાડા નજીક પસાર થતી નદીના ઊંડા પાણીમાં ગરકાવ થતાં તેનું મોત નીપજ્યું હતું. નદીમાં ન્હાવા પડેલા આર્મી જવાન અચાનક ઊંડા પાણીમાં ગરકાવ થયો હતો. સ્થાનિક લોકોએ જવાનને શોધવાની તજવીજ હાથધરી હતી. જોકે, તેનો મૃતદેહ હાથલાગ્યો હતો.



મળતી માહિતી પ્રમાણે મૂળ વિજલપુરનો રહેવાસી સુશીલ મોતીભાઇ બારી આર્મીમાં ફરજ બજાવે છે. તેઓ ગુરુવારે નવસારી જિલ્લાના ગણદેવીના મટવાડા નદી પસાર થતી નદીમાં ન્હાવા પડ્યો હતો. જોકે, નદીના ઉંડા પાણીથી સાવ અજાણ સુશીલ નદીમાં ન્હાવા પડ્યો અને જોતજોતામાં ઊંડા પાણીમાં ગરકાવ થયો હતો.

આ અંગે જાણ થતાં જ સ્થાનિક લોકોતેને બચાવવાના પ્રયત્નોમાં લાગી ગયા હતા. પરંતુ ઊંડા પાણીમાં ડૂબી જવાથી સુશીલનું મોત નીપજ્યું હતું. મળતી માહિતી પ્રમાણે સુશીલ છેલ્લા ઘણા સમયથી પુના આર્મી ઓફિસમાં ફરજ બજાવતો હતો. હોળીના તહેવારની ઉજવણી માટે સુશીલ પોતાના વતન આવ્યો હતો.

દાદરા નગર હવેલીથી ભાજપનાં કદાવર નેતા નટુભાઈ પટેલ ચૂંટણી લડશે

દાદરા નગર હવેલી

ભારતીય જનતા પાર્ટીએ ૨૦૧૯ લોકસભા ચૂંટણીને લઈને ગુરૂવારનાં રોજ પોતાના ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી. ભારતીય જનતા પાર્ટીએ ૧૮૪ ઉમેદવારોની યાદી જાહેર કરી જેમાં પીએમ નરેન્દ્ર મોદી વારાણસી અને અમિત શાહ ગાંધીનગરથી ચૂંટણી લડશે તેવી જાહેરાત કરવામાં આવી છે. આ સાથે દાદરા નગર હવેલીમાં કદાવર નેતા નટુભાઈ પટેલનું નામ જાહેર કરવામાં આવ્યું છે. નટુભાઈ પટેલ વિકાસનાં કામો અને



ગ્રાઉન્ડ પર કામ કરનારા નેતા છે. ભાજપે ફરી એકવાર નટુભાઈ પટેલનાં નામ પર મહોર મારી છે. નટુભાઈ પટેલ ૧૦ વર્ષથી દાદરા નગર હવેલીનાં સાંસદ છે. તેઓ ૨૦૧૪માં ૫ હજાર મતોથી જીત્યા હતા. ઉલ્લેખનીય છે કે નટુભાઈ પટેલ બિલ્ડરનાં વ્યવસાય સાથે સંકળાયેલા છે અને પ્રદેશનાં આદિવાસી લોકોમાં સારું નામ ધરાવે છે. નટુભાઈ પટેલે ૧૦ વર્ષમાં દાદરા નગર હવેલીમાં વિકાસનાં કામો કર્યા છે અને અનેક ગામોમાં પુલ, રસ્તાઓ બનાવીને તેમનો વિકાસ કર્યો છે. નટુભાઈ પટેલ ઓછુ ભણેલા હોવા છતા તેમણે દાદરા નગર હવેલીનાં વિદ્યાર્થીઓ માટે સરકારી ઈંગ્લિશ સ્કૂલો શરૂ કરાવી છે. આ ઉપરાંત તેમણે અહીં મેડિકલ કૉલેજ પણ શરૂ કરાવી છે.

નાણાણી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગરીબ કન્યાઓના સમુહલગ્ન

યતીમ-ગરીબ ૨૪ દીકરીઓને કરીયાવર પણ આપવામાં આવ્યું

સુરત

નાણાણી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત યતીમ અને ગરીબ કન્યાઓના સમુહલગ્ન (ઈજતેમાઈ નિકાહ) તા.૧૭-૩-૨૦૧૯ના રવિવારે સવારે ૯થી ૫ દરમિયાન કોમ્યુનિટી હોલ દિવાળી બાગ સામે અડાજણ સુરત ખાતે યોજાયો હતો. જેમાં ૨૪ કન્યાઓના નિકાહ થયા હતા. નાથાણી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી તમામ નવવધુઓને કબાટ, પલંગ, કપડા, ઘરવખરી સામાન તેમજ આજીવીકામાં મદદરૂપ થાય તે હેતુથી સિલાઈ મશીન ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં શહેરના મહાનુભાવો, સામાજિક અને રાજકીય આગેવાનો, સંસ્થાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. નાથાણી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સાજીદભાઈ નાથાણી, અમીનભાઈ નાથાણી, યાસીનભાઈ નાથાણી, અસલમભાઈ નાથાણી ઉપરાંત અબ્બાસ શેખ, સૈયદ ઈફ્તેખાર (મોન્ટુ), મેહમુદ પઠાન, જાહીદ શેખ, ઈરફાન કટલરીવાલા, ફૈઝાનેરઝા ટ્રસ્ટ, ઈન્ડીયન ચેરીટેબલ ટ્રસ્ટ, ઈન્ડીયન સોશ્યલ ગ્રુપ, ગુલશન ટ્રસ્ટ, શાહ મનીયાર ટ્રસ્ટના તમામ કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯

ચૂંટણીમાં જાહેર તેમજ ખાનગી મિલ્કતને નુકશાન કરવું નહીં

સુરત

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ માં ચુંટણીની આદર્શ આચાર સંહિતાની જોગવાઈઓનો અમલ કરવા અને લોકોની માલ, મિલ્કતને તેમની ઈચ્છા વિરુધ્ધ થતું નુકશાન, હાનિ, બગાડ અટકાવવાના હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એસ.ડી.વસાવાએ એક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે. જાહેરનામાં પ્રમાણે સમગ્ર જિલ્લાના વિસ્તારમાં કોઈ પણ રાજકીય પક્ષો તથા ઉમેદવારોને કે તેઓના કાર્યકરોએ જાહેર કે ખાનગી મકાન, મિલ્કત, જમીન, દિવાલ કે કંપાઉન્ડનો અધિકૃત વ્યક્તિ કે માલિકની પરવાનગી સિવાય ચૂંટણીલક્ષી પ્રચાર માટે ધ્વજ/પતાકા લગાડવા, બેનરો લટકાવવા, નોટીસો ચોંટાડવા, સૂત્રો/ નિશાનીઓ લખવા વિગેરે પ્રકારનું કોઈપણ ચૂંટણીલક્ષી પ્રચાર માટેનું કૃત્ય કરી મિલ્કતને હાનિ, નુકશાન કે બગાડ કરવો નહીં. જાહેર કે ખાનગી મકાનોની દિવાલો પર સુત્રો લખવા, પોસ્ટર ચોટાડવા, પ્રચાર સામગ્રી ચોટાડવા અંગે સ્થાનિક કાયદાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

તા.૨૫મીએ લુન્સીકુઈમાં મતદાર જાગૃતિ તથા મતદાર કેળવણી ઝુંબેશ

નવસારી

મતદાર જાગૃતિ અને મતદાર કેળવણી અભિયાન (સ્વીપ) અંતર્ગત લોકો લોકશાહીના પર્વ ચુંટણી પ્રક્રિયામાં સક્રિય રીતે જોડાય તથા વધુમાં વધુ મતદાન કરી, લોકશાહીને મજબૂત અને જીવંત રાખે એ માટે ચુંટણીપંચની સૂચના અનુસાર જિલ્લા ચુંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રી નવસારીના માર્ગદર્શન હેઠળ નવસારી જિલ્લાની યાદી મુજબની માધ્યમિ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ તથા શાળાના તમામ કર્મચારીએ બેનર, પ્લે કાર્ડ, સુત્રોચ્ચાર, બેન્ડ સાથે તા.૨૫/૦૩/૨૦૧૯ ના રોજ સવારે ૮-૩૦ કલાકે લુન્સીકુઈ મેદાન ખાતે ઉપસ્થિત રહેવા જણાવાયું છે. કાર્યક્રમ બાદ ફોટો અહેવાલ શ્રીમતી કાંતાબેન પટેલને તા.૩૦/૩/૨૦૧૯ સુધીમાં મોકલવાનો રહેશે એમ જિલ્લા નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી નવસારી ધ્વારા જણાવાયું છે.

ઢોર ભરેલ ટેમ્પો પલટી મારતા પાડીયાનું મોત, બે ભેંસને ઈજા

સુરત

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સરસ ગામ નજીક શુક્રવારે વહેલી સવારે ભેંસો અને પાડીયા ભરેલ એક પીકઅપ ટેમ્પો રોડ બાજુની ગટરમાં પલટી મારતા સર્જાયેલા અકસ્માતમાં પાડીયાનું મોત થયું છે.જ્યારે બે ભેંસોને ગંભીર ઈજા થઈ હતી. ટેમ્પા ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.જેના પગલે ટેમ્પામાં ભરેલ પશુઓ કતલખાને લઈ જવાતા હોવાની શંકા ગ્રામજનો કરી રહ્યા છે.

આ અંગે મળતી માહિતી અનુસાર ઓલપાડ-કુદિયાણા રોડ ઉપર શુક્રવારે મળસ્કે પાંચ કલાકના સુમારે ભેંસો સાથે પાડીયા ભરેલ એક પીકઅપ ટેમ્પા નંબર-જીજે-૦૫-બીયુ-૧૮૭૯ પુરપાટે ઝડપે દોડી રહ્યો હતો.તે સમયે સરસ ગામ નજીક ટેમ્પા ચાલકે સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવતા ટેમ્પો રોડ સાઈડની ગટરમાં પલટી મારી જવાથી સર્જાયેલા અકસ્માતમાં ટેમ્પા નીચે ભેંસો અને પાડીયું દબાઈ જવાથી પાડીયાનું ઘટના સ્થળે મોત થયું હતું. જ્યારે બે ભેંસોને ગંભીર ઈજા પહોંચી હતી. ટેમ્પા ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. જ્યારે ગ્રામજનોની રાવ અનુસાર છેલ્લા ઘણા સમયથી કાંઠા વિસ્તારના ગામોમાંથી મોડી રાતે ટેમ્પામાં પશુઓની હેર-ફેર કરવામાં આવી રહી હોવાથી આ પશુઓ કતલખાને લઈ જવાતા હોવાની શંકા વ્યક્ત કરી રહ્યા છે. બનાવ અંગે પોલીસે પીકઅપ ટેમ્પા ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

‘કોંગ્રેસ હોય કે ભાજપ, કોળી નહીં તો કોઈ નહીં’: બેનરોમાં રોષ ભભૂક્યો

નવસારી

લોકસભા ચૂંટણી ૨૦૧૯ની તારીખો જાહેર થઈ ગઈ છે ત્યારે દરેક પક્ષો કેન્દ્રમાં સત્તામાં આવવા માટે એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે અલગ અલગ પ્રકારે રાજનીતિના અંકૂર ફૂટ્યા છે. ત્યારે ભાજપે પોતાના ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી છે. જેના પગલે પોતાના માનીતા નેતાઓના નામ ન આવતા અલગ અલગ સમાજોમાં રોષ ફેલાયો છે. સાથે જ બેનરોની રાજનીતિ થવા લાગી છે. ઉત્તર ગુજરાતમાં મહેસાણાનાં હાર્દિક પટેલ વિરુદ્ધ બેનરો લગાવવામાં આવ્યા છે. ત્યારે નવસારીમાં પણ પોતાના સમાજના ઉમેદવારોને ટિકિટ ન મળતા કોળી સમાજે રોષે ભરાઈને



બેનરો લગાવ્યા છે.

મળતી માહિતી પ્રમાણે નવસારી લોકસભા વિસ્તારમાં કોળી સમાજ દ્વારા પોતાના ઉમેદાવારનું નામ ન આવતા રોષ ફેલાયો હતો. અને રસ્તા ઉપર ભાજપ કે કોંગ્રેસ કોળી સમાજ નહીં તો કોઈ નહીં એવા બેનલો લગાવી રોષ વ્યક્ત કર્યો હતો. બેનરમાં જણાવ્યા પ્રમાણે કોંગ્રેસ હોય કે ભાજપ નવસારી લોકસભામાં કોળી ઉમેદવાર ને જ ટિકિટ, કોળી ઉમેદવાર જ ચાલશે . કોળી નહીં તો કોઈ નહીં અને મત માત્ર કોળીને એવા સ્લોગનો લખવામાં આવ્યા છે. આ ઉપરાંત બેનરના છેલ્લે લખ્યું છે કે, કોળી સમાજ માંગે.. હવે તો માત્ર કોળી જ સાંસદ.

નવા ગામ રેલ્વે ટ્રેક પાસે કારીગર પર હુમલો કરી રોકડા તથા મોબાઈલથી લૂંટ

લૂંટનો ભોગ બનેલા યુવક રેલ્વે ટ્રેક પાસે આખી રાત બેભાન પડ્યો હતો

સુરત

નવાગામ જકાતનાકા નજીકની રેલવે લાઈન ઉપર એક પરપ્રાંતિયને મારી ૪ અજાણ્યા ઈસમોએ રૂા.૨૦૦૦ રોકડા અને મોબાઈલ ફોનની લૂંટ ચાલવી નાસી છુટ્યા હતા.


રાત્રે ૯ કલાક સુધી રેલવે ટ્રેક નજીક બેભાન હાલતમાં પડેલા યુપીવાસીને સવારે (ગુરુવાર) લોકોની નજર પડતા ૧૦૮ની મદદથી સારવાર માટે સિવિલ ખસેડાયો છે. દિવસ પાળી કરી ઘરે જતા રામ પરવેજ સંચા કારીગર હોવાનું જણાવ્યું હતું.રામ પરવેજ રામ ગિરીશ મોર્યા (પીડિત)એ જણાવ્યું હતું કે, હોળીના પર્વને લઈ બુધવારની રાત્રે કારખાનાના શેઠ પાસે ૨૦૦૦ રૂપિયાનો ઉપાડ લઈ નોકરી પરથી ઘરે પરત ફરી રહ્યો હતો. ત્યારે અચાનક નવાગામ જકાતનાકા નજીકના રેલવે લાઈન પર ચાર અજાણ્યા હિન્દીભાષી ઈસમોએ તેની ઉપર હુમલો કરી જાહેરમાં માર માર્યો હતો. ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૨૦૦૦ સાથે મોબાઈલ ફોન પણ કાઢી લીધો હતો. ત્યારબાદ આંખે અંધારા આવતા હતા. હુમલાખોરોને ભાગતા જોયા બાદ તેઓ સવારે ભાનમાં આવ્યા હતા. રંજનબેન પવારે જણાવ્યું હતું કે સવારે દૂધ લેવા ગયા હતા ત્યારે એક ઈજાગ્રસ્ત વ્યક્તિ મદદની પુકાર લગાડતો હતો. જેને લઈ દીકરી પૂજાએ ૧૦૮ને ફોનથી જાણ કરી હતી. રાત્રે કેટલાક અજાણ્યા ઈસમોએ મારીને લૂંટી લીધા બાદ સવારે ભાન માં આવ્યો હોવાનું ઘાયલ યુવાને જણાવ્યું હતું.

બાઈક સાથે અકસ્માત થતા કાર ચાલકનું મોત

નવસારી

નવસારી જિલ્લામાં જિલ્લા કલેક્ટરની ખાનગી ગાડીને અકસ્માત નડ્યો હતો. જેના પગલે ચાલકનું મોત નીપજ્યું હતું. બાઈક અને કાર વચ્ચે થયેલા આ અકસ્માતમાં કાર ચાલકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.

મળતી માહિતી નવસારી જિલ્લા કલેક્ટરની ખાનગી ગાડી ચાલક રાહુલ પાનપાટીલ કાર લઈને



અબ્રામા બીલીમોરા રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા.

તેઓ ગુરુવારે રાતના સમયે બીલીમોરા રોડ ઉપરથી પસાર થતા હતા ત્યારે તેમની કાર અને બાઈક વચ્ચે અકસ્માત થયો હતો.

આ અકસ્માતમાં રાહુલ પાનપાટીલને ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો આવી પહોંચ્યા હતા. અને પોલીસને પણ જાણ કરવામાં આવી હતી.

રાજપીપળા પાલિકા દ્વારા ડોર ટુ ડોર કચરો ઉઘરાવતી મહિલાઓ કે પૈસા ઉઘરાવતી ..?!



પાલિકાના સત્તાધીશો આ બાબત જાણે છે અને વારંવાર લોકોએ રજુઆત કરી હોવા છતાં કોઈને ન ગાંઠતી ડોર ટુ ડોર કચરો ઉઘરાવતી મહિલાઓથી નાગરિકો કંટાા છે ત્યારે નવા અને કડક ચીફ ઓફિસર અમિત પંડ્યા આ બાબતે યોગ્ય કરે એવી સૌને આશા છે

દરેક નાના મોટા તહેવારોમાં પૈસા ઉઘરાવવા ટેવાયેલી પાલિકાની કચરો ઉઘરાવતી મહિલાઓથી લોકો કંટાળ્યા
કોઈ ગરીબ વ્યક્તિઓની આર્થિક સ્તિથી નબળી હોય તો પણ બળજબરી પૂર્વક પૈસા ઉઘરાવતી આ મહિલાઓ જો કોઈ પૈસા ન આપે તો ત્યાંનો કચરો પણ લેવામાં આનાકાી કરતા હોવાની બૂમ

રાજપીપળા : રાજપીપળા શહેરમાં સફાઈ કામદારો અને ડોર ટુ ડોર કચરો ઉઘરાવતી મહિલાઓની અલગ ટીમો છે સફાઈ કામદારો રોડ પર ની સફાઈ કરી ત્યાંનો કચરો હાથલારીમાં ભરી જતા હોય છે જયારે મહિલાઓ ઘરનો ક્ચરો ઉઘરાવી પાલિકા ના વાહનમાં આપે છે પરંતુ કોઈ પણ નાના મોટા તહેવારો આવે ત્યારે આ ડોર ટુ ડોર કચરો ઉઘરાવતી મહિલાઓ દરેક ઘરો માંથી રોકડી કરવા ટેવાયેલી હોય દસ વિસ ત્રીસ રૂપિયા એ રીતે તહેવારના નામે પૈસાની માંગ કરતા જો કોઈ ની આર્થિક સ્તિથી નબળી હોય તો બળજબરી કરતા હોવાની વાત વારંવાર સંભળાઈ રહી છે છતાં કોઈ પગલાં લેવાતા નથી અને જો કોઈ વ્યક્તિ વાર તહેવારે પૈસા આપી ન શકે તો તેનો કચરો ન લેવા ટેવાયેલી આ મહિલાઓને પગાર મળવા ઉપરાંત ભંગાર ભેગું કરી રોજ સારા માં સારા રૂપિયાની આવક થવા છતાં દાદાગીરી કરી લોકો પાસે પૈસા લેતા હોવાની વારંવાર બૂમ પાલિકા સત્તાધીશો પાસે પોહચી હોવા છતાં કોઈ પગલાં લેવાતા નથી તો આ બાબતે કામગીરી બાબતે કડક એવા ચીફ ઓફિસર અમિત પંડ્યા આ માટેનો કોઈ કાયમી ઉકેલ લાવશે...? લોકો પાસે પૈસા લેવા ટેવાયેલી આ બહેનોની આદત બંધ થશે...?

ગરુડેશ્વર ખાતે લગ્નની વર્ધીમાં ઘોડો લઈને આવેલા બે યુવાનોના કુવામાંથી મૃતદેહો મળ્યાની ઘટનામાં હત્યાનો ગુનો દાખલ

વડોદરા જિલ્લાના પાદરા પાસેના વડું ગામથી ઘોડો લઈ લગ્નમાં આવેલા ચાર પૈકી બેના મૃતદેહો કુવાંથી મયાં હતા અનેક અટકળો બાદ હત્યાનો ગુનો દાખલ કરતી ગરુડેશ્વર પોલીસ

રાજપીપળા :નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના બિલથાણા ગામે ગત તારીખ ૧૪ માર્ચ ના રોજ ગણપતભાઈ ભીલના દીકરા વિજયનું લગ્ન હોવાથી લગ્ન માટે પાદરાના વડું ગામથી ઘોડો મંગાવ્યો હતો આ ઘોડો લઈ અલ્તાફ પીરૂશા દીવાન ,આશીકશા મહેબુબશા દીવાન તેમજ તેમની સાથે ગુમાનપુરા ગામના અજરૂદીનશા પિરૂશા દીવાન તથા મેઘાભાઈ જયરામભાઈ વર્ધિમા આવેલા ત્યારે વરરાજા તૈયાર થઈ ઘોડા ઉપર બેસવા જતા અચાનક ઘોડો વિફરતા ઘોડાની લાત વરરાજા ના પેટમાં વાગેલ જેથી વરરાજા બેભાન થઈ ગયો ત્યારે મંડપમાં ઉભેલા આરોપીઓ બાબુ ભાઈ ભીલ ,મહેન્દ્ર ભીલ , રસિક ભાઈ અને અન્ય પાંચ ઈસમોએ ઘોડા વાળાને પકડો મારો ની બુમાબુમ કરતા ફરિયાદી અઝરૂદિન દીવાન અને મેઘાભાઈ જીવ બચાવી નાસી ગયેલ અને અઝહરુદ્દીન ના ભાઈ અલ્તાફ પીરૂશા દીવાન અને બનેવી આશીકશા મહેબુબાશા દીવાન ત્યાંથી નાસવા જતા આરોપીઓ એ પકડી પાડી કૂવામાં નાખી દઈ મોત નિપજ્યું હોવાની ફરિયાદ હાલ દાખલ થતા આ અંગે ગરુડેશ્વર પોલીસે આરોપીઓ વિરુદ્ધ હત્યા નો ગુનો દાખલ કરીને આરોપીઓમાં બાબુભાઈ ભીલ ,મહેન્દ્ર ભીલ , રસિકભાઈ અને અન્ય પાંચ વ્યક્તિઓ સામે વધુ તપાસ હાથ ધરી છે.

વલસાડ ધોબી તળાવ ખાતે રહેતી કિશોરી ગુમ

વલસાડ

વલસાડના ધોબીતળાવ, બિલાલ મસ્જિદ ફળિયામાં રહેતી તેમજ મૂળ ફતેપુર-ઉત્તરપ્રદેશની રહેવાસી એવી ખુશ્બુનું અપહરણ તા.૬/૩/૧૯ના રોજ સવારે ૧૦-૩૦ થી ૧૧-૦૦ દરમિયાન થયાની ફરિયાદ વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. અપહ્યત ખુશ્બુ રંગે ઘઉંવર્ણ, ઊંચાઈ ૪.૫ ફૂટ, મધ્યમ બાંધો, શરીરે બ્લ્યુ કલરનું જીન્સ તથા બ્લ્યુ કલરનું પ્રિન્ટેડ ટોપ પહેર્યું છે. આ વર્ણનવાળી યુવતીની જો કોઈને ભાળ મળે તો વલસાડ સીટી પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

ઝાલાવાડ જિલ્લો કેવી રીતે ઓળખાય છે?



અહીંના તમામ રજવાડા ઉપર ઝાલા વંશનું શાસન હતું. ૧૦ મી સદીથી ૧૯૪૮ સુધીના ઝાલાઓ અહીંના રાજા હતા અને એટલે, આ પ્રદેશ ઝાલાવાડ તરીકે ઓળખાય છે. એ ઉલ્લેખનીય છે કે જીલ્લાના જૈનાબાદ દસાડા તથા બજાણા જેવા રજવાડા મુસલમાનોના શાસન હેઠળ હતા.

સુરેન્દ્રનગર જીલ્લો પરિચય ઝીઝુવાડા સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર એટલે સુરેન્દ્રનગર જીલ્લો. સૌરાષ્ટ્રની સીમા અહીંથી શરૂ થાય છે. ૧૯૪૮ માં નાના રજવાડાઓનું વિલીનીકરણ થયું ત્યારે સૌરાષ્ટ્રના વઢવાણ, ધ્રાંગધ્રા, લીબડી, ઝીંઝુવાડા. મુળી, થાન, લખતર, સાયલા, ચુડા, બજાણા, જૈનાબાદ, આણંદપુર, ચોટીલા, રાયસાંકળી, ભોયકા, થાણુ, વિઠ્ઠલગઢ તથા વણોદનું જોડાણ ભારત વર્ષના ગુજરાતમાં વિલીનીકરણ એટલે સુરેન્દ્રનગર જીલ્લાનો જન્મ. પ્રાચીન ઈતિહાસ જીલ્લાના ધાંગધ્રા નજીક પ્રાગૈતિહાસિક પથ્થર યુગના સાધનો મળ્યા છે. લીબડી તાલુકાના રંગપુર ખાતેના ઉત્ખન્નને તેનો નાતો પ્રોટો હીસ્ટોરીક યુગ સાથે જોડાયો છે. આ ધરતી ઉપર હડપ્પન અને હડપ્પન પછીની સંસ્કૃતિના અણસાર પણ મળ્યા છે.

ઝીઝુવાડા ઝીલકેશ્વર તળાવ ને ગઢ પરના શિલાલેખ મલ્યા છે આ પ્રદેશ ઉપર આઠમી અને નવમી સદી દરમિયાન છપ વંશનું શાસન હતું જેનું વડું મથક વઢવાણ હતું. ગુજરાત પર સિધ્ધરાજ જયસિંહના શાસન વખતે આ પ્રદેશ તેના પ્રભુત્વમાં આવ્યો.ઝીઝુવાડા ગઢ કિલ્લો લશ્કરી થાણુ બન્યુ વઢવાણનો કિલ્લો અને ભોગાવોના તીરે સની બનેલી રાણકદેવીનું મંદિર તેમણે બનાવ્યું હોવાનું મનાય છે. ઝાલાઓના નામ જન્મની વાત કરીએ તો ઝાલાઓ પહેલા મકવાણા કહેવાતા. દસેક સદી પહેલાં તેમના રાજા હતા. કેસર મકવાણા, હરપાળ દેવજી તેમના પુત્ર હતા. તેમના માતા પાટણના સોલંકી રાજવી કરણ ઘેલાની પુત્રી હતા. કરણ ઘેલાની આપત્તિ ટાણે મદદ કરવાના શિરપાવ રૂપે હરપાળ દેવજીના દાદાને ૮૩૮-૮૩૯ માં ૧૮૦૦ ગામનો ગરાસ મળ્યો અને હરપાલદેવે તેમનો નિવાસ પાટડી ખાતે ફેરવ્યો. તેમને ત્રણ પુત્રો હતા. એક કિવદંતી અનુસાર એક દિવસ જ્યારે આ પુત્રો રમી રહ્યાં હતા ત્યારે એક હાથી ગાંડોતૂર બની ત્યાં આવી ચડ્યો. હાથી પોતાના પુત્રોને મળ્યો અને ઝરૂખામાં બેઠેલી માતાના લાંબા થયેલાં એ હાથે ઝાલીને ઉંચકી લીધા અને તેમને બચાવી લીધા. આ દિવસથી આ પુત્રો ઝાલા કહેવાયા. ઝાલાઓએ એમના નિવાસની આ ભૂમિને ઝાલાવાડ નામ આપ્યું.

હાલનું સુરેન્દ્રનગર એક વેળાએ બ્રિટીશ પોલીટીકલ એજન્ટનું થાણું હતું. અને વઢવાણ કેમ્પ તરીકે જાણીતું હતું વઢવાણના રાજવીને એ એજન્ટે ૧૯૪૬ માં સોંપેલા આ કેમ્પને રાજવી શ્રી સુરેન્દ્રસિંહજીના નામ ઉપરથી સુરેન્દ્રનગર નામ અપાયું. ૧૯૪૮ થી આ સુરેન્દ્રનગર, જીલ્લાનું મુખ્ય મથક બની રહ્યું છે.

અલ્પેશ કથીરિયાનાં ભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ, કારમાં તોડફોડ કર્યાનો આરોપ



સુરત

પાસના નેતા અલ્પેશ કથીરિયાની મુશ્કેલીઓ ઓછી થવાને બદલે દિવસેને દિવસે વધી રહી છે. હાલ સુરતમાં અલ્પેશ કથીરિયાના ભાઈ વિરુદ્ધ કપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસને મળેલી ફરિયાદમાં અરજદારે કથીરિયાના ભાઈ વિરુદ્ધ મિત્રો સાથે મળીને કારમાં તોડફોડ કરી હોવાનો લગાવ્યો છે.

ગુરુવારે રાત્રે પાસ કન્વિનર અને પાટીદાર નેતા અલ્પેશ કથિરીયાના પિતા અને ભાઈ પર કેટલાક અજાણ્યા વ્યક્તિઓએ હુમલો કર્યો હોવાના સમાચાર મળ્યા હતા. આ ઘટનામાં માહિતી એવી હતી કે, અલ્પેશ કથિરીયાના પિતા અને ભાઈ બહાર ગયા હતા, તેઓ મોડી સાંજે પોતાના ઘરે આવી રહ્યા હતા. તેઓ રિક્ષામાં પોતાના રહેઠાણ સ્થળ નજીક રીક્ષામાંથી ઉતર્યા ત્યારે ત્રણ જેટલા વ્યક્તિઓ તેમના પર હુમલો કર્યો હતો.

છેલ્લા કેટલાંક દિવસથી અલ્પેશ કથિરીયાના પિતા અને ભાઈને હેરાન કરી ધમકી આપી રહ્યા હોવાની વાત સામે આવી રહી છે. આ ઘટનામાં હુમલાનું કારણ અંગત અદાવત છે કે, બીજુ હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. ત્યારે અચાનક હુમલો થયાના બીજા દિવસે એટલે કે શુક્રવારે અલ્પેશ કથીરિયાના ભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાતા લોકો અલગ અલગ વાતો કરી રહ્યા છે.

સુરતના કપોદ્રા પોલીસ સ્ટેશનમાં કથીરિયાના ભાઈ વિરુદ્ધ નોંધાયેલી ફરિયાદમાં લખવામાં આવ્યું છે કે, કથીરિયાના ભાઈએ મિત્રો સાથે મળીને કારમાં તોડફોડ કરી છે. પોલીસ આ ઘટનામાં ઉંડાણ પૂર્વક તપાસ કર્યા બાદ કોઈ ચોક્કસ નિષ્કર્ષ પર ઉતરશે.

ખંડણી વસુલતા માથાભારે વસીમ ઉર્ફે બિલ્લાની પાસા હેઠળ ધરપકડ

સુરત પોલીસે બિલ્લાને પકડી ભુજ જેલમાં મોકલી દીધો

સુરત

સુરત શહેરના વ્હોરા સમાજના અગ્રણી બદરી લેસવાલા પાસેથી ખંડણી વસુલવા માટે તેણી ઉપર હુમલો કરવાની તથા અન્ય કેટલાક બિલ્ડરો પાસેથી બળજબરી પૂર્વક નાણા વસુલવાના ગુનામાં સંડોવાયેલા ઝાંપાબજારના માથાભારે વ્યક્તિ વસીમ ઉર્ફે બિલ્લાની ગઈકાલે પાસા હેઠળ ભુજ જેલ મોકલી અપાયો હતો.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના ઝાંપાબજાર તૈયબી મહોલ્લા વિસ્તારમાં રહેતા મોહંમદ વસીમ ઉર્ફે બિલ્લાએ વ્હોરા સમાજના અગ્રણી બદલી લેસવાલા પાસેથી ખંડણી વસુલવા માટે તેમની ઉપર હુમલો કર્યો હતો. સાથે જ વ્હોરા સમાજના બીજા કેટલાક બિલ્ડરો પાસેથી ખંડણી વસુલવા તેમજ તેમના માર મારવાની ધમકી આપવાના બનાવો સલાબતપુરા, અઠવા તેમજ મહિધરપુરા પોલીસ મથકે નોંધાવા પામ્યા હતા. માથાભારે વસીમ ઉર્ફે બિલ્લાના વિરુધ્ધમાં દાખલ થયેલ ગુનાને ધ્યાનમાં રાખી પોલીસ કમિશ્નર પાસા હેઠળ ભુજ જેલ મોકલી આપ્યા હોવાનું જાણવા મળે છે.

કાપોદ્રામાં બાઈકની ટક્કર લાગવાના ઝઘડામાં યુવાનની કરપીણ હત્યા

ડીંડોલીમાં ચેઈન પહેરવા નહીં આવતા યુવકને પતાવી દેવાયો

સુરત

હોળી-ધૂળેટીના તહેવાર દરમ્યાન શહેરમાં સામાન્ય બોલાચાલી અને મારઝુડ વચ્ચે ચોકબજાર, ડીંડોલી અને કાપોદ્રા પોલીસ મથક વિસ્તારમાં હત્યાના ત્રણ બનાવો બનતા શહેર પોલીસ દોડતી થઈ છે. ચોકબજાર પંડોળ ખાતે આધેડને ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હતી.

ડીંડોલી પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત રોજ ધૂળેટીના તહેવાર નિમિત્તે ડીંડોલી મણીનગર ખાતે ચાર પાંચ મિત્રો વચ્ચે જૂના ઝઘડાની અદાવતમાં બોલાચાલી થતી હતી. અમોલના પિતા કમલેશે કહ્યું કે તમે શા માટે ઝઘડી રહ્યા છો. અમોલના ગળામાં પહેરેલ સોનાની ચેન બંટીએ આજના દિવસ માટે પહેરવા માંગી હતી તે બાબતે ઝઘડો થયો હતો. આ ઝઘડામાં બંટી સંજય શર્મા ઉ.વ. ૨૪ રહે. મણીનગરને જાંઘના ભાગે ચાકુનો ઊંડો ઘા લાગતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબોએ મૃત જાહેર કરતા ડીંડોલી પોલીસે અમોલ કમલેશ સૂર્યવંશી, કમલેશ સૂર્યવંશી બંને રહે. ડિંડોલી મણીનગર, ઉમેશ સીરસાડ, દિપક કાલીયા ઉર્ફે હેન્ડસમ બંને રહે. ઉધના નાઓ વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કાપોદ્રા ક્રિષ્ણાનગર ખાતે રહેતો રાહુલ ગોવર્ધન દેવીપૂજક ઉ.વ.૨૨ મિત્રો સાથે રાત્રે ફિલ્મ જોઈને ઘરે ચાલતા ચાલતા આવતો હતો. તે દરમ્યાન રસ્તામાં મોટર સાયકલ અથડાતા ઝઘડો થયો હતો. બંને જુથો દ્વારા એકબીજાને અપશબ્દો કહેતા છુટાહાથની મારામારી થઈ હતી. તે દરમ્યાન મોટર સાયકલ સવાર અજાણ્યા ત્રણ ઈસમો પૈકી રાહુલ પર ચાકુથી હુમલો કરતા તેનું મોત નીપજ્યું હતું. કાપોદ્રા પોલીસે ત્રણ અજાણ્યા બાઈક ચાલકો વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભૂતપૂર્વ પ્રેમીના ત્રાસના કારણે પરિણીતાએ કરેલો આપઘાત

સુરત

બીજે લગ્ન કરનાર યુવતી ઉપર પ્રેમીએ ત્રાસ ગુજારી પરિણીતાના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપતા પરિણીતાએ ઝેરી દવા પી જઈ આત્મહત્યા કરી લીધી હતી.

અમરોલીની છાપરા ભાઠામાં રહેતો હર્ષદીપ ઉર્ફે કિથન ઠક્કરે ફરિયાદીની દિકરી (ઉ.વ.૧૯)ને 'તે મારી સાથે લગ્ન નહિ કરી બીજા સાથે લગ્ન કરી લીધા, હવે હું તારા પતિને જીવવા દઈશ નહીં. તેવી ધમકી આપી વારંવાર ત્રાસ ગુજારતા ફરિયાદીની દિકરીએ સાસરીયામાં ઝેરી દવા પી જઈ આત્મહત્યા કરી લીધી હતી. મૃતકના પિતાની ફરિયાદ નોંધી અમરોલી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

નવસારીમાં તા.૨૯મીએ ડાક અદાલતનું આયોજન

નવસારી

સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ નવસારી ડિવીઝન ધ્વારા તા. ૨૯/૦૩/૨૦૧૯ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે યોજાનારી પોસ્ટ ખાતાની ડાક અદાલત તથા પેન્શન અદાલતમાં ટપાલ ખાતાનાં નિતિવિષયક મુદાઓ સિવાયની અને ટપાલ સેવા પૈકી એક જ વિષયને સ્પર્શતી ફરીયાદો ''ઉપ્યુટી મેનેજર, કસ્ટમર કેર સેન્ટર, ઓફીસ ઓફ સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ નવસારી ડિવીઝન નવસારી? ૩૯૬૪૫'' ને તા. ૨૫/૦૩/૨૦૧૯ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. ત્યારબાદ આવેલ ફરીયાદ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. એમ સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ નવસારીની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

ધાર્મિક સ્થળો પરથી ચૂંટણી પ્રચાર કરવા પર પ્રતિબંધ છે


સુરત

સુરત,બુધવાર- આગામી ૨૩ એપ્રિલે યોજાનારી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ ને અનુલક્ષીને સુરત જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એસ.ડી.વસાવાએ એક જાહેરનામા દ્વારા ચુંટણી પ્રક્રિયાને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવા હેતુથી જિલ્લામાં ધાર્મિક સ્થળો પરથી ચૂંટણી પ્રચાર કરવા પર પ્રતિબંધ જાહેર કર્યો છે.

સુરત જિલ્લાના વિસ્તારોમાં આવેલા મંદિરો, મસ્જિદો, ચર્ચ, ગુરુદ્વારા જેવા ધાર્મિક સંસ્થાઓ/સ્થળો અથવા કોઈપણ પ્રાર્થના સ્થળોએથી કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકોએ ચુંટણી પ્રક્રિયા દરમિયાન ભાષણો, પોસ્ટરો, સંગીત દ્વારા ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવો નહી. આ હુકમ તા.૨૭/૦૫/૨૦૧૯ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

નર્મદા ડેમના પીઆરઓ કચેરી માં ફરજ બજાવતા વર્ક આસિસ્ટન્ટ છેલ્લા ૯ માસથી પેન્શનથી વંચિત : મુખ્ય મંત્રીને રજૂઆત

પ્રવાસન વિભાગની કચેરી કેવડિયા દ્વારા પેન્શન ફાઈલ વિલંબિત કરતા આ કર્મચારીનું પરિવાર આર્થિક મુશ્કેલીમાં મુકાયું



રાજપીપળા : નર્મદા બંધ કેવડિયા કોલોની પ્રવાસન વિભાગના તાબામાં ચાલતી પીઆરઓ કચેરીમાં વર્ક આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા જી.વી.પટેલ હાલ નિવૃત થઇ ગયા ને ૯ મહિના થઈ ગયા જેમનું હજુ પેન્શન બંધાયું નથી છેલ્લા ૯ મહિ લોકો પાસે ઉધાર માંગી ઘર ચલાવી રહ્યા છે ત્યારે તેમનું પેન્શન મંજુર કરી આપવા માટે જીવી પટેલે મુખ્ય મંત્રી વિજય રૂપાણીને લેખિતમાં રજુઆત કરી જેમ બને તેમ વહેલું પેન્શન આપવા માંગ કરી છે.

કેટલીક વાર જે કચેરીમાં કામ કરતા હોય એ કચેરીના કર્મચારીઓ દ્વારા કામગીરી અંગે બેદરકારી દાખવવાથી અન્ય કર્મચારી હેરાન પરેશાન થઈ જતા હોય છે આવો કિસ્સો આજે પ્રવાસન કચેરીમાં ફરજ બજાવતા જીવીપટેલ સાથે બન્યો છે જેમની નિવૃત્તિની તારીખ નક્કી હોવા છતાં કચેરીમાં કામ સંભાળતા ક્લાર્ક દ્વારા કામગીરીમાં વિલંબ કરતા આજે નિવૃત થયા ને ૯ મહિના થઈ ગયા છતાં પેન્શન ચાલુ થયું નથી, પેન્શન ચાલુ કરવા આ નિવૃત કર્મચારી જાતે ગાંધીનગર ના ૩ ધક્કા ખાઈ આવ્યા અને જે બોન્ડ લાવાના હતા જે તમામ જાતે લઈને આપ્યા તેમ છતાં પણ કચેરીની ગોકળ ગતિએ ચાલતી કમગીરીનો આ કર્મચારી ભોગ બન્યો છે ત્યારે તેના પરિવારનું પ્રવાસન વિભાગના કર્મચારીઓ વિચારે અને પેન્શન કેશની જે પણ કવેરીઓ હોય ઝડપથી શોલ કરી આ કર્મકારીનું પેન્શન આપે તો આ પરિવાર આર્થિક ભીસમાંથી બહાર આવે.ત્યારે હવે કંટાળી જયારે કર્મચારીએ મુખ્ય મંત્રીને ફરિયાદ કરી છે ત્યારે મુખ્ય મંત્રી કેવા પગલાં ભરે છે એ જોવું રહ્યું.

ગરુડેશ્વરની યુવતીના સિવિલ મેરેજ બાદ નિર્ભયા ટીમની મદદે સંસાર ઉજડતા બચ્યો



ડેકાઈ ગામની યુવતી અને ઉંડવા ગામના યુવાનના એક વર્ષથી નક્કી થયેલા લગ્ન બાદ સિવિલ મેરેજ કરતાજ છૂટાછેડા ની વાત આવતા યુવતીએ નિર્ભયા ની મદદ લીધી

રાજપીપળા : નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના ડેકાઈ ગામની રેશમાબેન તડવી અને ઉંડવા ગામના મહેશ તડવી ના એક વર્ષથી લગ્ન નક્કી થયા બાદ ગત તારીખ ૧૨ માર્ચે બંનેએ સિવિલ મેરેજ કર્યા બાદ મહેશ પોતાના માં બાપ અને કુટુંબીજનો ના દબાણથી છૂટાછેડા આપવાની વાત કરતા રેશમાના પગ તળે થી જમીન સરકી જતા તેને નિર્ભયા ની મદદ માટે એક અરજી કરી જેથી નિર્ભયા ના પીએસઆઈ કેકે પાઠક અને કેવડિયા પીએસઆઈ એઆર ડામોર સહીત ની પોલીસ ટિમ રેશમા અને મહેશના પરિવાર સાથે ગામના સરપંચ ને ભેગા કરી જરૂરી માર્ગદર્શન આપતા આખરે લગ્નની તારીખ નક્કી કરી સામાજિક રીતે લગ્ન કરવાનું નક્કી કર્યું હતું જેથી રેશમા અને તેના પરિવાર માં ખુશી છવાઈ હતી આમ નિર્ભયા ટિમ અને કેવડિયા પીએસઆઈ ની મદદથી એક યુવતીની જિંદગીનો સંસાર ઉજડતા બચી ગયો હતો .

નર્મદા જિલ્લામાં હોમગાર્ડ કમાન્ડન્ટની ભરતીમાં નિયમોનું પાલન ન કરાયું હોવાની શંકા

રાજપીપાના એક જાગૃત નાગરિકે આ ભરતી માટે ની તમામ પ્રક્રિયા અને નિયમો બાબતે માહિતી માંગી અને આ ભરતી કોની ભલામણ થી કરવામાં આવી છે એ વિગત પણ માંગી

રાજપીપળા : તાજેતરમાં નર્મદા જિલ્લામાં હોમગાર્ડ કમાન્ડન્ટ ની ભરતી બાબતે એક જાહેરાત આવતા અમુક અરજદારો અરજી કર્યા બાદ એક ની પસંદગી થઈ પરંતુ એક અરજદારને આ બાબતે શંકા જતા આ મામલો ભારે ચર્ચા એ રહ્યા બાદ રાજપીપળા ના લાલ ટાવર નજીક રહેતા રાજુભાઈ રાઉલ નામના એક જાગૃત નાગરિકે આ બાબતની સત્યતા તપાસવા આરટીઆઈ દ્વારા જાહેર માહિતી અધિકારી ,નર્મદા પાસે માહિતી માંગી છે જેમાં ગુજરાત માં હોમગાર્ડ કમાન્ડન્ટ ભરતી ના શું નિયમો છે અને નર્મદા જિલ્લામાં આ ભરતી કયા નીતિ નિયમો અનુસાર થયેલી છે તે બાબતે ની માહિતી માંગી છે સાથે સાથે નર્મદા માં થયેલી આ ભરતી માં જેની ભરતી થયેલી છે તે સિવાયના અરજદાર પસંદ પામેલા અરજદાર કરતા વધુ લાયકાત અને ભણતર અને અનુભવ ધરાવતા હોય સાથે સ્થાનિક હોવા છતાં તેની ભરતી કરવામાં ન આવતા એ ક્યાં કાયદા અને નિયમો કે ધારા ધોરણ અનુસાર લેવામાં આવેલ નથી આ તમામ બાબતે માહિતી માંગતા આ ભરતી પ્રક્રિયા પર હાલમાં આ અનેક સવાલ ઉઠી રહ્યા છે ત્યારે હવે આ બાબતે આગળ શું થશે એ જોવું રહ્યું.

નર્મદામાં ચૂંટણી ખર્ચ પર નજર રાખવા ૬ ચેકપોસ્ટ પર કુલ ૧૨ જેટલી સ્ટેટીક સર્વેલન્સ ટીમ કાર્યરત



રાજપીપળા : નર્મદા જિલ્લામાં આગામી તા.૨૩ મી એપ્રિલના રોજ યોજાનારી લોકસભા સામાન્ય ચુંટણીઓ-૨૦૧૯ માં આદર્શ આચારસંહિતાનો ચુસ્તપણે અમલ થાય તથા ઉમેદવારો અને વિવિધ રાજકીય પક્ષો તરફથી કરવામાં આવતાં ખર્ચ તથા અન્ય પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર આઈ.કે. પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લાના વિવિધ ૬ જેટલા પ્રવેશનાકા (ચેકપોસ્ટ) પર કુલ- ૧૨ જેટલી સ્ટેટીક સર્વેલન્સ ટીમની રચના કરીને ભારતના ચૂંટણીપંચ દ્વારા ગત તા.૧૦ મી માર્ચ, ૨૦૧૯ નાં રોજ લોકસભા સામાન્ય ચૂંટણીઓની કરાયેલી ચૂંટણીઓની જાહેરાત સાથે જ ઁજી સીસ્ટમના વાહનો સાથે તેને કાર્યરત કરાઈ છે.

જિલ્લાના તમામ પ્રવેશ નાકા (ચેકપોસ્ટ) માટે ફરજ ઉપર મુકાયેલી સ્ટેટીક સર્વેલન્સની પ્રત્યેક ટીમમાં એક કાર્યપાલક મેજીસ્ટ્રેટ, એક વિડીયોગ્રાફર અને ૩ સશસ્ત્ર પોલીસ કર્મચારીઓને બે શીફ્ટમાં ફરજો સોંપવામાં આવી છે. આ તમામ ટીમોને એક્ષ્પેન્ડીચર મોનીટરીગ સેલ તરફથી મળતી ફરિયાદો સંદર્ભે જરૂરી કાર્યવાહી હાથ ધરીને તેનો અહેવાલ રજુ કરવાની કામગીરી-જવાબદારી સોંપવામાં આવી છે.

અંકલેશ્વર ડીવીઝનમાંથી ચોરાયેલ મો.સા.ચોરીના બે આરોપીઓને મ.પ્ર.ખાતેથી ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી.



ભરૂચ જીલ્લાના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાએ જીલ્લામાં બનતા વાહનચોરી સંબધી ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા માટે આપેલ સુચના તથા એલ.સી.બી. ઈન્ચાર્જ પો.ઈન્સ જે.એન.ઝાલાના માર્ગદર્શન મુજબ અત્રેની એલ.સી.બી ભરૂચની ટીમના મયુરભાઈને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળેલ કે આજથી પાંચ છ દિવસ અગાઉ અંકલેશ્વર શહેર માંથી ચોરાયેલ મો.સા. બલ્યુ કલરની નંબર પ્લેટ વગરની મધ્યપ્રદેશના અલીરાજપુર જીલ્લાના ચાંદપુરમાં ફરે છે જે મુજબની બાતમી આધારે પો.સ.ઈ.એ.એસ.ચોહાણ તથા ટીમને ચાંદપુર (અલીરાજપુર) મ.પ્ર.ખાતે જઈ પેટ્રોલિંગ કરી બે નંબર વગરના મોટર સાઈકલ સાથે બે આરોપીઓને ઝડપી પાડી અત્રે ભરૂચ લઈ આવી ઉંડાણપુર્વક પુછપરછ કરતા પકડાયેલ આરોપીઓ પાસેથી મળી આવેલ મો.સા ઓની પોકેટકોપ મોબાઈલ તથા મો.સા.માં ઝીણવટભરી રીતે તપાસ કરી ખાત્રી કરતા (૧) બલ્યુ કલરની હ્યુઢ મો.સા. નંબર જીજે ૧૬ બીક્યુ ૪૭૧૬ તથા (૨) જીજે ૧૬ બીએ ૭૩૪૦ જણાઈ આવેલ અને બંને આરોપીઓએ હ્યુઢ મો.સા.ની અંકલેશ્વર શહેર મહાવીર ટર્નિંગ પાસેની સોસાયટીમાંથી તથા હોન્ડા સાઈન મો.સા. ની અંકલેશ્વર જીઆઈડીસી માંથી ચોરી કરેલાની કબુલાત કરતા બંને આરોપીઓને કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે. તથા આ કામે વધુ મો.સા. ચોરી નો ભેદ ઉકેલી શકાય તેમ છે.જે બાબતે તપાસ ચાલુ છે.

પકડાયેલ આરોપીઓ (૧) નાધી ચીમલીયા ભીલાલ ઉ.વ.૧૯ તથા (૨) ભુદરીયા તિરફન ભીલાલ ઉ.વ.૨૧ બંને રહે. ચાંદપુર મોરી ફળીયુ જી . અ લી રા જ પુ ર (મધ્યપ્રદેશ) કબ્જે કરેલ મુદામાલ (૧) FZ મો.સા. નંબર જીજે ૧૬ બિક્યુ ૪૭૧૬ કિં રૂ ૩૦,૦૦૦/- (૨) સાઈન મો.સા.નં જીજે ૧૬ બીએ ૭૩૪૦ કિં રૂ ૨૦,૦૦૦/- શોધી કાઢેલ છે.

નર્મદા જિલ્લામાં હોળી ટાણે નીકળતા ગેરિયાનું પ્રમાણ આ વર્ષે વધતું જોવા મળ્યું

રાજપીપળા :આદિવાસી વસ્તી ધરાવતા નર્મદા જિલ્લામાં પરંપરાગત રીતે હોળી ધુળેટીમાં નીકળતા ગેરિયા છેલ્લા ઘણા વર્ષો થી જાણે નહિવત જોવા મળતા હતા પરંતુ આ વર્ષે રાજપીપળા ના બજારમાં ગેરિયા મોટા પ્રમાણમાં જોવા મળ્યા હતા . આમતો ઈન્ટરનેટ મોબાઈલના ઝડપી યુગમાં વિજ્ઞાન પણ ઉત્તરોત્તર પ્રગતિ કરે છે ત્યારે કેટલીક અંધશ્રદ્ધા કે ધાર્મિક રીત રિવાજો પણ ઘણા ખરા અંશે જોવા મળે છે પરંતુ નર્મદા જિલ્લાના અંતરિયાળ ગામોમાં રેહતા આદિવાસી લોકોમાં અમુક પ્રથા હજુ અકબંધ છે જેમાં ગેર પ્રથા પણ જોવા મળે છે ત્યારે દુરદુર ના ગામો માંથી આવતા ગેરિયાઓ માં પુરુષો મહિલાનો વેશ ધારણ કરી રાજપીપળા જેવા શહેરોમાં હાથે પગે ઘૂઘરા અને આંખે કાળા ચશ્મા પેહરી નાચ ગાન કરી લોકોનું મનોરંજન કરતા જોવા મળતા હોય છે,એક મંડળી માં ઢોલ નગારાં લઈ ફરતા આ ગેરિયાને જોવા બાળકોમાં ખુબ ઉત્સાહ સાથે મનોરંજન હોય છે.



MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

ભાઈને મારી નાંખવાની ધમકી આપી વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચરતા ખળભળાટ

સુરત

સુરત શહેર ક્રાઈમ સીટી બનતું હોય એવું ધીમે ધીમે લાગી રહ્યું છે. સુરતના મોટા વરાછા વિસ્તારમાં ડિંડોલીના બે સંતાનના પિતાએ ધોરણ-૧૦ની વિદ્યાર્થિની ઉપર દુષ્કર્મ આચર્યું હતું. નાનાભાઈને મારી નાંખવાની ધમકી આપી દુષ્કર્મ કરનાર યુવાનની અમરોલી પોલીસે ધરપકડ કરી હતી. મળતી માહિતી પ્રમાણે ડિંડોલી વિસ્તારમાં રહેતો અમિત આહીરે પીડિત કિશોરીના ઘર નજીક હેર સલૂનમાં નોકરી કરે છે. બે સંતાનનો પિતા હોવા છતાં છેલ્લા નવ માસથી અમિતે તેણીને પ્રેમજાળમાં ફસાવી હતી.

દરમિયાન ગત તા. ૫મી માર્ચે પીડિત કિશોરીના કાકા મુંબઈ કામાર્થે ગયા હતા. તે સમયે તેણીની એકલતાનો લાભ લઈ રાત્રીના સમયે અમિત ઘરમાં પ્રવેશ્યો હતો. તે સમયે અમિતે પીડિતાને ધમકી આપી હતી. બૂમ મારશે તો તને તથા તારા નાનાભાઈને જાનથી મારી નાંખીશ ત્યારબાદ તેણે ચાર વખત બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. દુષ્કર્મ કરી તેણે સમાજમાં બદનામી કરી જાનથી મારી નાખવાની ધકમી આપી હતી.

પીડિત કિશોરીએ પોતાની સાથે બનેલી ઘટનાની વાત કાકાને કરતા આ મામલે તેઓ અમરોલી પોલીસ મથકેઆવી પહોંચ્યાં હતા. પીડિતાના કાકાની ફરિયાદ લઈ અમરોલી પોલીસે અમિત આહીર વિરુદ્ધ ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847